**તેજી હોય કે પછી મંદી,**

બજાર તરફનો સાચો દ્રષ્ટિકોણ ઉજાગર કરી,
નાના રોકાણકારોના હિતને ધ્યાનમાં રાખી,આધુનિક આર્થિક
પ્રવાહો તેમ જ શેર, કોમોડીટી, ફોરેક્ષ વગેરે બજારોની ચાલને
તાદશ્ય રજૂ કરી, દેશના ખૂણે ખૂણેથી આવેલ નિષ્ણાતોની સોનેરી
સલાહ સાથે અમદાવાદથી પ્રકાશિત થતું, આર્થિક સાપ્તાહિક

**ધી ઇકોનોમિક રેવલ્યૂશન**

**ગુજરાતી તેમ જ અંગ્રેજી બંને ભાષામાં ઉપલબ્ધ**

વધુ માહિતિ માટે વિઝીટ કરો :
web : www.theeconomicrevolution.in

email : theeconomicrevolution@yahoo.co.in
(M) 9825065387 contact : Narendra Joshi



Nirmal Metro Daily, Ahmedabad

પાનાં ૪, કિંમત રૂ. ૧.૦૦

અમદાવાદથી પ્રકાશિત થતું, પ્રજાના પ્રાણ પ્રશ્નોને વાચા
આપતું , અન્યાય સામે અવાજ ઉઠાવતું
ક્રાન્તિકારી નિડર ગુજરાતી દૈનિક

RNI NO. GUJGUJ/2012/48123

**નિર્મલ મેટ્રો, લગભગ એક કરોડ ઈ મેઈલમાં મોકલવામાં આવે છે**

# નિર્મલ મેટ્રો

# NIRMAL METRO

દૈનિક

Saturday
12.01.2019
Year 07, Issue 12

તંત્રી : નરેન્દ્ર જોષી
email : nirmalmetro@yahoo.com
website: www.nirmalmetro.com

● વર્ષ : ૭ ● અંક : ૧૨ ● તા.૧૨.૦૧.૨૦૧૯ શનિવાર ● પોષ સુદ ૦૬ ● સં. ૨૦૭૫ ● સહતંત્રી : દેવલક્ષ્મી જોષી ● કાર્યાલય : એચ ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૬૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●


વડાપ્રધાન નરેન્દ્ર મોદી જેવું નેતૃત્વ વિશ્વના કોઇ પક્ષ પાસે નથી, ૨૦૧૯માં અમારો વિજય નિશ્ચિત : અમિત શાહ

# દેશની જનતા મોદીની સાથે ચટ્ટાનની જેમ ઉભી છે

**બજારની વાત**

તા.૧૧.૦૧.૨૦૧૯

**ઈન્ડેક્ષ**

**સેન્સેક્ષ**
૩૬,૦૦૯.૮૪ -૯૬.૬૬ (-0.૨૭%)

**નિફ્ટી**
૧૦,૭૯૪.૯૫ -૨૬.૬૫ (-0.૨૫%)

**કોમોડીટી**

**ક્રુડ**
૩,૬૩૪.૦૦ -૪૪.૦૦ -૧.૨૦

**સોનું**
૩૧,૯૩૨.૦૦ ૫૨.૦૦ 0.૧૬

**ચાંદી**
૩૯,૩૪૫.૦૦ ૬૦.૦૦ 0.૧૫

**નેચરલ ગેસ**
૨૧૪.૪૦ ૩.૨૦ ૧.૫૨

**ચલણી નાણું**

**ડોલર / રૂપિયો**
૭૦.૪૯ +0.૦૭ 0.૧૦

**યુરો / રૂપિયો**
૮૦.૭૩ -0.૨૩ -0.૨૮

**પાઉન્ડ / રૂપિયો**
૯૦.૨૪ +0.૪૯ 0.૫૪

## દિલ્હીમાં રામલીલા મેદાન પર ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહના કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધી પર આકરા પ્રહાર,રાફેલ ડીલ પર રાહુલ માત્ર કાગળો પર ઘોડા દોડાવતા હતાં : ૧૦ ટકા અનામત મામલે પણ કોંગ્રેસ લોકોને મુર્ખ બનાવે છે : રામ મંદિર મામલે કોંગ્રેસનો વિરોધ આડે આવે છે

એજન્સી દ્વારા
નવીદિલ્હી,તા.૧૧

દિલ્હીના રામલીલા મેદાનમાં આયોજીત ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં પાર્ટી અધ્યક્ષ અમિત શાહે કહ્યું છે કે જનસંઘ અને ભાજપને રાજનીતિક ઓળખ આપવામાં અટલજીનું મોટું યોગદાન છે.આજે જ્યારે તેઓ આપણી વચ્ચે નથી ત્યારે અમે ખાલીપણુ અનુભવી રહ્યાં છીએ પરંતુ કારવાં અટકશે નહીં તેમના બતાવવામાં આવેલ માર્ગ પર ચાલતી રહીશું.આપણે ૨૦૧૯ની ચુંટણી મેદાનમાં જવા માટે તૈયારી છીએ આ ચુંટણી ભાજપ માટે તો મહત્વપૂર્ણ છે. આ સાથે જ ભારત માટે પણ એટલી જ મહત્વપૂર્ણ છે. મોદીજીના નેતૃત્વમાં ભારતની વિકાસ યાત્રા અને ગૌરવ યાત્રા જારી રહેશે એનડીએની પૂર્ણ બહુમતિ સાથે સરકાર બનવા જઇ રહી છે.

અમિત શાહે કહ્યું કે ૨૦૧૯ની



ચુંટણી બે વિચારધારાઓની વચ્ચે છે મોદીજીના નેતૃત્વમાં ૩૫ પક્ષ એક સાથે ઉભા છે બીજી તરફ તે લોકો છે જેમનો કોઇ નેતા પણ નથી સ્વાર્થ માટે એકત્રિત થયા છે.શાહે કહ્યું કે હું માનુ છું કે ૨૦૧૯નું યુધ્ધ સદીઓ સુધી અસર છોડનાર છે.તેમણે કહ્યું કે અમારી પાસે ૧૬ રાજ્યોની શક્તિ છે અને આ સાથે ચુંટણી મેદાનમાં જઇ રહ્યાં છીએ.પાંચ વર્ષની અંદર દેશનો વિકાસ અને ગૌરવ બેગણી ગતિથી વધી છે.૨૦૧૯માં અમારી વિજય નિશ્ચિત છે દેશની જનતા મોદીજીની પાછળ ચટ્ટાનની જેમ ઉભી છે મોદીજી જેવા લોકપ્રિયા નેતા વિશ્વમા કોઇ પક્ષની પાસે નથી

અમિત શાહે કાર્યકર્તાઓને સંબોધિત કરતા જણાવ્યું કે, '૨૦૧૯માં મોદી સરકાર બનાવી દો. કેરળ સુધી ઝંડો લહેરાવીશું. ઉત્તર પ્રદેશમાં આ વખતે ૭૩ બેઠકો પર વિજય મેળવીશું. ઉત્તર પ્રદેશમાં ભાજપ ૫૦ ટકા વોટની લડાઈ લડશે. મહાગઠબંધન જાણે છે કે મોદી એકલા લડી શકતા નથી. ૨૦૧૯ની ચૂંટણી મોદી વિરુદ્ધ ઓલ પાર્ટી બની ચૂકી છે. આખી દુનિયામાં મોદી જેવા કોઈ લોકપ્રિય નેતા નથી.'

શાહે રામ મંદિર અંગે જણાવ્યું કે, પાર્ટી રામ મંદિર વહેલામાં વહેલી તકે બનાવવા માગે છે. અમે સુપ્રીમ કોર્ટમાં કેસની ઝડપી સુનાવણી થાય તેના માટે પ્રયાસ કરી રહ્યા છીએ, જેથી ઝડપથી ચૂકાદો આવી જાય. કોંગ્રેસ તેમાં રોડા નાખી રહી છે.

અમિત શાહે રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, "જામીન પર છૂટેલા લોકોના આરોપોથી કોઈ ફરક પડતો નથી. રાહુલ ભલે આરોપ લગાવતા રહે, દેશની પ્રજા બધું જ જાણે છે. ૨૦૧૯ની ચૂંટણી વૈચારિક યુદ્ધની ચૂંટણી છે. બે વિચારધારાઓ સામ-સામે ઊભી છે." તેમણે જણાવ્યું કે, કોંગ્રેસે ૬૦-૬૦ વર્ષ સુધી દેશ પર રાજ કર્યું છે, પરંતુ પ્રજા માટે કંઈ જ કામ કર્યું નથી.

આસામમાં સરબાનંદ સોનોવાલની સરકાર બની અને સરકાર બનતા જ અમે એનસીઆરની શરૂઆત કરી હતી.એનસીઆર દેશમાં ઘુસણખોરોની છટણી કરવા માટેની વ્યવસ્થા છે. માત્ર આસામમા? જ ૪૦ લાખ જેટલા પ્રથમ દૃષ્ટિએ ઘુસણખોરો ચિન્હિત કરાયા છે.

શાહે જણાવ્યું કે, એ લોકો મહાગઠબંધનની વાતો કરી રહ્યા છે. શું છે મહાગઠબંધન? તેઓ એક બીજાની આંખમાં આખ મિલાવીને પણ જોઈ શકતા નથી અને હાથ મિલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તમે જાણો છો શા માટે? તેઓ પીએમ મોદી દ્વારા કરવામાં આવતું સારું કામ સહન કરી શકતા નથી અને તેમને હરાવા માગે છે. તેમનો આ એકમાત્ર એજન્ડા છે.

અમિત શાહે પોતાના સંબોધનમાં મોદી સરકારે મેળવેલી સિદ્ધિઓ ગણાવી હતી. તેમણે સરકાર દ્વારા બનાવાયેલી વિવિધ કલ્યાણકારી યોજનાઓ, સ્વચ્છતા અભિયાન, ગ્રામીણ વિસ્તારોમાં વિજળીકરણ અને ઘેર-ઘેર ગેસ કનેક્શન આપવાની ઉજ્જવલા યોજનાની સફળતાના આંકડા રજૂ કર્યા હતા. યુપીએ સરકારમાં ભારતીય સેનાનું મોરલ ડાઉન કરી દેવાયું હતું. આ મનમોહન નહીં પરંતુ મોદી છે. અમે સેનાને સર્જિકલ સ્ટ્રાઈક માટે છૂટ આપી હતી. આ સાથે જ ભારતીય સેના અમેરિકા અને ઈઝરાયેલ પછી વિશ્વની ત્રીજી સેના બની ગઈ હતી, જેણે આવું કામ કર્યું હોય.

અમિત શાહે જણાવ્યું કે, કેન્દ્ર સરકારે મધ્યમ અને નાના વેપારીઓ માટે બહુ મોટો નિર્ણય લીધો છે. જે વેપારીઓ ૧.૫ કરોડના ટર્નઓવરનું કમ્પોઝિશન પ્લાન સ્વીકારે છે તેમણે હવે માત્ર ૧ ટકા ટેક્સ જ ભરવાનો રહેશે. સમગ્ર વિશ્વમાં નરેન્દ્ર મોદી જેટલો પ્રખ્યાત નેતા કોઈ નથી. હું ઉત્તરપ્રદેશ યુનિટના સંપર્કમાં છું અને વિશ્વાસપૂર્વક કહી શકું છું કે પાર્ટી આ વખતે ૭૪ બેઠક જીતશે અને ૭૨ કરતા ઓછી તો નહી જ થાય.

### શાહના પ્રવચનની મુખ્ય બાબતો.....

દિલ્હીના રામલીલા મેદાનમાં આયોજીત ભાજપની રાષ્ટ્રીય પરિષદની બેઠકમાં પાર્ટી અધ્યક્ષ અમિત શાહે કહ્યું છે કે..

પાર્ટી રામ મંદિર વહેલામાં વહેલી તકે બનાવવા માગે છે. અમે સુપ્રીમ કોર્ટમાં કેસની ઝડપી સુનાવણી થાય તેના માટે પ્રયાસ કરી રહ્યા છીએ, જેથી ઝડપથી ચૂકાદો આવી જાય. કોંગ્રેસ તેમાં રોડા નાખી રહી છે.

અમિત શાહે રાહુલ ગાંધી પર નિશાન સાધતા કહ્યું કે, "જામીન પર છૂટેલા લોકોના આરોપોથી કોઈ ફરક પડતો નથી. રાહુલ ભલે આરોપ લગાવતા રહે, દેશની પ્રજા બધું જ જાણે છે. ૨૦૧૯ની ચૂંટણી વૈચારિક યુદ્ધની ચૂંટણી છે. બે વિચારધારાઓ સામ-સામે ઊભી છે." તેમણે જણાવ્યું કે, કોંગ્રેસે ૬૦-૬૦ વર્ષ સુધી દેશ પર રાજ કર્યું છે, પરંતુ પ્રજા માટે કંઈ જ કામ કર્યું નથી.

અમિત શાહે મોદી સરકારે મેળવેલી સિદ્ધિઓ ગણાવી હતી. તેમણે સ્વચ્છતા અભિયાન, ગ્રામીણ વિસ્તારોમાં વિજળીકરણ અને ઘેર-ઘેર ગેસ કનેક્શન આપવાની ઉજ્જવલા યોજનાની સફળતાના આંકડા રજૂ કર્યા હતા.





ફ્રેન્ચ આલ્પ્સ પર થયેલ એક રેસ્ક્યુ મિશન હાલ ચર્ચાનો વિષય બન્યું છે. અને તેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. અને લોકો પાયલટના વખાણ કરતા થાકતા નથી.

**કેટલાંક સ્કીયર્સ ગિફ્રી મેસિફ માઉન્ટેઇન રેન્જના Haute savoie રિજનમાં ફસાયા હતા. જેમાં એક તો જખમી થયો હતો. આ રેસ્ક્યુની જવાબદારી સંભાળી ફ્રેન્ચ પોલીસની રેસ્ક્યુ હેલિકોપ્ટર ટીમે, ૭૪૦૦ ફૂટથી વધુની ઉંચાઈએ ભારે પવનો અને લેન્ડિંગની જગ્યા ન હોવા છતાં ટીમ અને ખાસ કરીને પાયલટે જે કર્યુ તે લાજવાબ હતુ.**

**બર્ફીલા પહાડ પર લેન્ડિંગ શક્ય જ ન હતું, તો પાઈલટે આ રીતે હેલિકોપ્ટરને ઊંધે માથે બરફમાં ખૂંચાડી દીધુ, બેલેન્સ એવું જાળવ્યું કે પંખો બરફમાં ન અડ્યો જીવના જોખમે લોકોને બચાવ્યા, અનુભવી પાઈલટે અશક્ય ને શક્ય કરી બતાવ્યું.**

ઉત્તરપ્રદેશને લઈને થનાર મોટી જાહેરાત ઉપર નજર કેન્દ્રિત

# માયા-અખિલેશની બેઠક ગઠબંધનની આજે ઘોષણા થઈ શકે

**ભાજપના પરિણામે અમે એક થઈ રહ્યા છે : અખિલેશ યાદવની અંતે કબૂલાત બેઠકોની વહેંચણીનો લઈનો પણ માયાવતી અને અખિલેશ દ્વારા જાહેરાત થશે**



એજન્સી દ્વારા
લખનૌ,તા. ૧૧

ઉત્તર પ્રદેશની રાજનીતિમાં આવતીકાલે કોઇ મોટા ઘટનાક્રમની જાહેરાત થઇ શકે છે. આના ઉપર તમામની નજર કેન્દ્રિત થઇ ગઇ છે. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ યાદવ આવતીકાલે ઉત્તરપ્રદેશ માટે ગઠબંધનની જાહેરાત કરી શકે છે. તેમના ગઠબંધનને લઇને સત્તાવાર જાહેરાતની રાજકીય વર્તુળોમાં રાહ જોવામાં આવી રહી છે. શનિવારના દિવસે માયાવતી અને અખિલેશ યાદવ પત્રકાર પરિષદ યોજનાર છે. જેમાં મહત્વના નિર્ણયની જાહેરાત કરવામાં આવનાર છે. પત્રકાર પરિષદ આવતીકાલે બપોરે ૧૨ વાગે યોજનાર છે. જેમાં બેઠકોની વહેંચણીના સંબંધમાં પણ જાહેરાત કરવામાં આવી શકે છે. ઉત્તરપ્રદેશની રાજનીતિ માટે આવતીકાલનો દિવસ નિર્ણાયક બની શકે છે. ઉત્તરપ્રદેશના રાજકીય ઈતિહાસમાં આવુ પ્રથમ વખત થઇ રહ્યુ છે જ્યારે બે દિગ્ગજ નેતા માયાવતી અને અખિલેશ એક સાથે મિડિયાની સામે આવનાર છે. તમામ પત્રકારોને આમંત્રણ આપી દેવામાં આવ્યુ છે. સમાજવાદી પાર્ટીના નેતા રાજેન્દ્ર ચોધરી અને બસપના રાષ્ટ્રીય મહાસચિવ સતીશ ચન્દ્ર મિશ્રા તરફથી તમામને આમંત્રણ આપી દેવામાં આવ્યુ છે.આ પહેલા રામ મંદિર આંદોલનના ગાળા દરમિયાન ૧૯૯૩માં સપા અને બસપનાની સાથે મળીને ચૂંટણી લડી હતી. ત્યારે રાજ્યમાં ગઠબંધન સરકાર બનાવી હતી. આ પ્રેસ કોન્ફરન્સમાં કોંગ્રેસ પાર્ટીને સામેલ ન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે કોંગ્રેસ મહાગઠબંધનનો હિસ્સો બનનાર નથી. ઉત્તરપ્રદેશમાં લોકસભાની ૮૦ સીટો રહેલી છે. બંને પાર્ટી ૩૭-૩૭ સીટો પર ચૂંટણી લડી શકે છે.પત્રકાર પરિષદ દરમિયાન કેટલીક અન્ય બાબતોની પણ જાહેરાત કરવામાં આવી શકે છે. જો ગઠબંધન કરાશે તો ૨૫ વર્ષ પહેલાની જીતનુ પુનરાવર્તન થઇ શકે છે. બીજી બાજુ આજે સમાજવાદી પાર્ટીના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવે આજે કહ્યું હતું કે, અમારી ગણતરી બિલકુલ યોગ્ય છે. ભાજપના કારણે જ અમે એક થઇ શક્યા છે. પોતાના સંસદીય મતવિસ્તાર કન્નોજમાં ચૌપાલ લગાવીને બેઠેલા અખિલેશે કહ્યું હતું કે, ગયા વર્ષે પ્રદેશની ત્રણ સીટો ઉપર યોજાયેલી પેટાચૂંટણીમાં અમારી શાનદાર જીત થઇ હતી. અમે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની ગોરખપુર સીટ સહિત ત્રણ સીટો ઉપર જીત મેળવી લીધી હતી. આ ચૂંટણીને તમામ પાર્ટીઓને ભાજપની સામે એક કરવામાં મહત્વની ભૂમિકા અદા કરી હતી. અખિલેશે કહ્યું હતું કે, આ ગઠબંધન પણ હવે તુટશે નહીં. યોગીએ કહ્યું હતું કે, હવે સફળતા તરફ આગળ વધવાની જવાબદારી અમારી રહેલી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પાર્ટીના વિકાસ કાર્યમાં અમે ઝડપથી આગળ વધી રહ્યા છે. બહુજન સમાજ પાર્ટીના વડા માયાવતી અને સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવ શનિવારના દિવસે લખનૌમાં પત્રકાર પરિષદ યોજીને ગઠબંધનની જાહેરાત કરનાર છે.

ત્રણના બદલે છ સીટની માંગ કરવામાં આવી

# ગઠબંધન પહેલા RLDએ દબાણ વધારી દેતા પડકાર

એજન્સી દ્વારા લખનૌ, તા. ૧૧

લોકસભા ચૂંટણીને લઇને ઉત્તરપ્રદેશમાં આવતીકાલે મહાગઠબંધનની જાહેરાત કરવામાં આવનાર છે ત્યારે રાષ્ટ્રીય લોકદળે દબાણ વધારી દીધું છે. રાષ્ટ્રીય લોક દળ આ જાહેરાતથી એક દિવસ પહેલા જ સીટોને લઇને જોરદાર દાવ રમી કાઢ્યો છે. માયાવતી અને અખિલેશની ફોર્મ્યુલાથી નાખુશ થયેલા આરએલડીએ પોતાના માટે છ સીટની વાત કરી છે. આરએલડીના પ્રદેશ અધ્યક્ષ મસુદ અહેમદનું કહેવું છે કે, તેમની પાર્ટી પ્રદેશની છ સીટો ઉપર ચૂંટણી લડવા માટે ઈચ્છુક છે. અહેમદે કહ્યું હતું કે, મહાગઠબંધન માટે શનિવારના દિવસે માયાવતી અને અખિલેશની યોજાનારી પત્રકાર પરિષદ માટે પાર્ટીને આમંત્રણ મળ્યું નથી. પાર્ટીના ઉપાધ્યક્ષ જયંત ચૌધરી આવતીકાલે લખનૌમાં રહેશે. એમ માનવામાં આવે છે કે, બંને નેતાઓ સાથે મુલાકાત કરીને આ સંદર્ભમાં નિર્ણય લેવામાં આવશે. જયંત ચૌધરી આ પહેલા અખિલેશની મંગળવારે વાતચીત કરી ચુક્યા છે. આરએલડી વડા અજીતસિંહને જ્યારે પ્રશ્ન કરવામાં આવ્યો હતો ત્યારે કહ્યું હતું કે, ગઠબંધનના સાથી પક્ષો સાથે વાતચીત કર્યા બાદ જ નિર્ણય લેવામાં આવશે. કોંગ્રેસ પાર્ટી આ ગઠબંધનનો હિસ્સો રહેશે નહીં. સુત્રોના કહેવા મુજબ માયાવતી આરએલડીને ત્રણ કરતા વધારે સીટો આપવા માટે તૈયાર નથી જ્યારે આરએલડી ઓછામાં ઓછી ૬ સીટો ઈચ્છે છે.

આવકવેરા મુક્તિ મર્યાદા વધારી દેવા તૈયારી

# મિશન ૨૦૧૯ : મોદી વધુ મોટા નિર્ણય લેવાના મુડમાં

**ખેડુતોને સીધા ફાયદા આપવા જેવા ઘણા પ્રસ્તાવ લવાશે**

એજન્સી દ્વારા નવી દિલ્હી,તા. ૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ચૂંટણી વર્ષમાં વધુ કેટલાક મોટા નિર્ણય લેવાના મુડમાં દેખાઇ રહી છે. જેના ભાગરૂપે સામાન્ય લોકો અને ખેડુતોને વધારે રાહત આપવામાં આવનાર છે. આવકવેરા મુક્તિ મર્યાદામાં વધારો કરવા, ખેડુતોને સીધા લાભ આપવા જેવા કેટલાક પગલા લેવામાં આવનાર છે. મોદી સરકાર ચૂંટણી વર્ષમાં ક્યાં મોટા પગલા લેશે તેને લઇને સામાન્ય વર્ગમાં ચર્ચા ચાલી રહી છે. મોદી સરકાર ગરીબ સવર્ણોને નોકરી અને શિક્ષણમાં ૧૦ ટકા અનામત આપવા માટેનો નિર્ણય કરી ચુકી છે. હવે અન્ય મોટા નિર્ણય લેવાની દિશામાં આગળ વધી રહી છે. કેટલાક અન્ય મોટા નિર્ણયને પણ અમલી કરવા માટે તૈયાર છે. ચૂંટણી પરિણામ તેમની તરફેણમાં કરી શકે તેવા મોટા નિર્ણય લેવાની તૈયારી ચાલી રહી છે. ટુંકમાં આની જાહેરાત કરવામાં આવનાર છે. આવકવેરા મુક્તિ મર્યાદામાં મોટી રાહત, ખેડુતોના ખાતામાં સીધી મોટી રકમ નાંખવા, મધ્યમ વર્ગના લોકો માટે સસ્તા આવાસ લેવાના મામલે લોન અને જીએસટીમાં મોટા ફેરફાર કરવાની દિશામાં આગળ વધી રહી છે. વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીથી પહેલા ભાજપે આવકવેરામાં મોટી રાહત આપવાની વાત કરી હતી. આ દિશામાં હવે સરકાર આગળ વધીને મોટા નિર્ણય કરી શકે છે. સરકાર જીએસટીમાં સતત મોટા ફેરફારો કરી રહી છે. આ ફેરફાર કરીને મધ્યમ અને ગરીબ વર્ગના લોકોને રાહત આપવામાં આવી રહી છે. ગુરૂવારના દિવસે જીએસટી કાઉન્સિલની બેઠકમાં કેટલાક મોટા નિર્ણય કરવામાં આવ્યા હતા. મધ્યમ વર્ગને રાહત આપવાના મુદ્દા પર પણ સરકાર વિચારણા કરી રહી છે. ઘરની લોનને સસ્તી કરવા માટે સરકાર વિચારી રહી છે. આના માટે નાણાંપ્રધાન વારંવાર રીઝર્વ બેંક પર દબાણ લાવી રહ્યા છે. સરકાર લોકસભાની ચૂંટણી પહેલા મધ્યમ વર્ગને મોટી રાહત આપી શકે છે. રાજ્યસભામાં પાસ કરવામાં નિષ્ફળ રહ્યા બાદ સરકાર ફરીથી ત્રિપલ તલાકના મામલે વટહુકમ લાવનાર છે. આ માહિતી સંસદીય બાબતોના કાર્ય પ્રધાન વિજય ગોયલે આ મુજબની માહિતી આપી છે. અત્રે નોંધનીય છે કે નાના કારોબારીઓને ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલે ગઇકાલે ગુરૂવારના દિવસે મોટી રાહત આપી હતી. નવેસરના નિર્ણય મુજબ હવે ૪૦ લાખ રૂપિયા સુધીના વાર્ષિક ટર્નઓવરવાળી કંપનીઓને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ મળી ગઈ છે. પહેલા આ મર્યાદા ૨૦ લાખ રૂપિયાની હતી. આવી જ રીતે જીએસટી કાઉન્સિલે પૂર્વોત્તર અને પહાડી રાજ્યોની કંપનીઓ માટે જીએસટી રજિસ્ટ્રેશન માટે છુટછાટની મર્યાદા ૧૦ લાખ રૂપિયાથી બે ગણી કરીને ૨૦ લાખ કરી દીધી હતી. પહેલા ૨૦ લાખ રૂપિયા સુધીના ટર્નઓવરવાળા ઉદ્યોગોને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી છુટછાટ મળી ગઈ હતી. હવે ઉત્તરપૂર્વીય અને પહાડી રાજ્યો માટે છુટછાટની મર્યાદા ૧૦ લાખ રૂપિયા હતી પરંતુ નાના રાજ્યોએ પોતાના કાયદા બનાવી લીધા છેઅને આ મર્યાદા ૨૦ લાખ રૂપિયા કરી હતી.

કેન્દ્ર સરકાર દ્વારા ઉત્તર પૂર્વીય અને પહાડી રાજ્યો માટે ૨૦ લાખ રૂપિયાના ટર્નઓવરવાળી કંપનીઓને જીએસટી રજિસ્ટ્રેશનમાંથી મુક્તિ આપી દેવામાં આવી હતી. ઉત્તરપૂર્વીય અને પહાડી રાજ્યોને આ લિમિટને વધારવા અને ઘટાડવાની મંજુરી આપવામાં આવી હતી. કાઉન્સિલની બેઠકમાં જીએસટી રજિસ્ટ્રેશનમાંથી છુટછાટ, કમ્પોઝિશન સ્કીમ અને કેરળ હોનારત માટે સેસ લાગૂ કરવા સહિત અનેક પગલા લેવામાં આવ્યા હતા.

# પત્રકારની હત્યા કેસમાં ગુરમીત રામ રહીમ સહિત ચાર દોષિત

**એક અખબારના પત્રકારે ગુરમીત રામ રહીમના ડેરામાં મહિલાઓ પર જાતિય અત્યાચાર ગુજારમાં આવતો હોવાનો ધડાકો કર્યો હતો**

**એજન્સી દ્વારા નવીદિલ્હી**

સિરસાના પત્રકાર રામચંદ્ર છત્રપતિની હત્યા મામલે પંચકૂલાની વિશેષ સીબીઆઈ કોર્ટ આજે ચુકાદો જાહેર કરી દીધો છે. પંચકુલા સ્થિત સ્પેશ્યલ સીબીઆઈ કોર્ટે ૧૬ વર્ષ જૂના હત્યાના કેસમાં ગુરમીત રામ રહીમ, નિર્મલ, કુલદીપ અને કૃષ્ણ લાલને દોષિત જાહેર કર્યા છે.વિશેષ સીબીઆઈ કોર્ટ દ્વારા આ ચારેય આરોપીઓની સજાની સુનાવણી ૧૭ જાન્યુઆરીના કરાશે.

એક અખબારના પત્રકારે ગુરમીત રામ રહીમના ડેરામાં મહિલાઓ પર જાતિય અત્યાચાર ગુજારમાં આવતો હોવાનો ધડાકો કર્યો હતો. જેને પગલે ઓક્ટોબર ૨૦૦૨માં પત્રકાર પર હુમલો કરાયો હતો અને નવેમ્બર ૨૦૦૨માં તેનું હોસ્પિટલમાં મોત થયું હતું.ચુકાદાને ધ્યાનમાં રાખીને ડેરા સચ્ચા સૌદા, સુનારિયા જેલ અને વિશેષ અદાલતની બહાર સુરક્ષાની સઘન વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ પંજાબ અને હરિયાણા પોલીસને પણ એલર્ટ રાખવામાં આવી હતી. દરમિયાન સમગ્ર વિસ્તારમાં કલમ ૧૪૪ પણ લાગુ કરી દેવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ કોર્ટમાં સજા સંભળાવવામાં આવી ત્યારે ગુરમીત રામ રહીમે પોતાની ગરદન ઝુકાવી દીધી હતી.

# નિર્મલ મેટ્રો

## તંત્રીની કલમે....

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સામાન્ય વર્ગને આપવામાં આવેલા અનામતનો ચૂંટણીલક્ષી ઉપયોગ શરૂ કરી દીધો છે.સામાન્ય ચૂંટણી પહેલા આ મુદ્દા પર નિર્ણય કરીને ભાજપે એ જણાવી દીધું છે કે તે આગામી ચૂંટણી જીતવાની તૈયારીઓમાં કોઈ ખામી નહીં છોડે.આ પહેલા મોદી સરકાર મુસ્લિમ ટ્રિપલ તલાક, એનઆરસી, રામ મંદિર અને ભ્રષ્ટાચાર વિરોધી તીર છોડી મતદાતાઓનું સમર્થન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરી ચૂકી છે.વડાપ્રધાન મોદીએ લોકોને એ બતાવવાનો પ્રયાસ કર્યો કે આ મુદ્દાને લઈને પૂર્વ સરકાર ગંભીર ન હતી પરંતુ તેમની સરકારે ગંભીરતાથી આ મુદ્દા પર કામ કરીને સામાન્ય વર્ગના ગરીબોને અનામત આપી છે.આ સાથે જ તેમણે કહ્યું છે કે તેમની સરકારે આમ કરવામાં વંચિત તેમજ શોષિત વર્ગોનો હક છીનવ્યો નથી.આ સવાલ કરવામાં આવ્યો કે ભાજપ આ મુદ્દાનો રાજકીય લાભ કેવી રીતે ઉઠાવી શકશે ચૂંટણીના મેદાનમાં ભાજપ માટે ફાયદાનો સોદો સાબિત થઈ શકે છે.ભાજપ સરકારને હાલ જ પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીમાં ખૂબ નુકસાન થયું છે. નોટબંધી અને જીએસટી જેવા વિવિધ મુદ્દાઓના કારણે સામાન્ય વર્ગના મત તેમને ન મળ્યા અને વિદ્યાર્થીઓએ બેરોજગારીના પગલે તેમને નકારી કાઢ્યા.ત્યારબાદ તેમને લાગ્યું કે સામાન્ય વર્ગને અનામત આપીને તેઓ દૂર થઈ રહેલા સામાન્ય વર્ગને સંભાળી લેશે અને બીજા સમૂહોને પણ તેમની નજીક લાવશે.સામાન્ય ચૂંટણીની વાત કરવામાં આવે તો ભાજપને આ નિર્ણયથી ફાયદો ચોક્કસ મળશે કેમ કે ભાજપ પ્રોપેગેંડા ફેલાવવામાં ઉસ્તાદ છે.જો રામ મંદિર મુદ્દાની વાત કરીએ તો ભાજપે આ મુદ્દે હાલ કોઈ પણ પ્રકારની નિવેદનબાજીથી અંતર જાળવી રાખ્યું છે.વડા પ્રધાન મોદીએ હાલ જ આપેલા એક ઈન્ટરવ્યૂમાં એ વાતના સંકેત આપ્યા હતા કે તેમની સરકાર તેમની સરકાર રામ મંદિરના મુદ્દા પર કોઈ નિર્ણય ન્યાયિક પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ લેવા માગશે.પરંતુ મોદી સરકાર પાસે કોઈ મજબૂત નિર્ણય લેવાનો વધારે સમય નથી. કેમ કે માર્ચ પહેલા જ આગામી ચૂંટણી માટે આચારસંહિતા લાગુ થઈ જશે.માર્ચમાં આચારસંહિતા લાગૂ થયા બાદ પણ મોદી સરકાર રામ મંદિર બનાવવા માટે અધ્યાદેશ લાવી શકશે નહીં. તેવામાં સમય જ જણાવશે કે તેનાથી ભાજપને કેટલો ફાયદો થશે.ભારતીય જનતા પક્ષના અધ્યક્ષ અમિત શાહથી માંડીને પાર્ટીના તમામ નેતા છેલ્લા કેટલાક સમયથી આ મુદ્દા પર કૉંગ્રેસને ઘેરવાનો પ્રયાસ કરી રહ્યા છે.અમિત શાહ જયપુરમાં આયોજિત એક કાર્યક્રમમાં કહી ચૂક્યા છે કે સિટિઝન રજિસ્ટર બનાવવાનું કામ ભારતીય જનતા પક્ષે કર્યું છે અને પહેલી યાદીમાં ૪૦ લાખ લોકો શંકાસ્પદ હોવાનું બહાર આવ્યું છે.આ પહેલા આસામના મુખ્યમંત્રી સર્બાનંદ સોનેવાલ પણ કહી ચૂક્યા છે કે દેશના બાકી ભાગોમાં એનઆરસી લાગુ થવી જોઈએ, જેનાથી દેશમાં પ્રવેશ કરી ચૂકેલા ઘૂસણખોરોને ઓળખીને બહાર કાઢી શકાય.તેનાથી સંકેત મળે છે કે સરહદ સાથે જોડાયેલી લોકસભાની બેઠકોમાં ભાજપ આ મુદ્દે હિંદુ- મુસ્લિમ ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ કરી શકે છે.તેવામાં સવાલ ઉઠે છે કે આખરે કયા આધાર પર ભાજપ એનઆરસી અંતર્ગત મત મેળવવાનો પ્રયાસ કરી રહ્યો છે.લોકસભા ચૂંટણીની દૃષ્ટિએ ભાજપને લાગે છે કે એનઆરસીના મુદ્દા પર મત પ્રાપ્ત કરી શકાય છે. કેમ કે તે રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દાને સામે લાવે છે અને સાથે જ તેમાં એક પ્રકારનો ધાર્મિક મુદ્દો પણ છૂપાયેલો છે.

# આરજી મૂવીઝ પ્રોડક્શન પ્રસ્તુત કરે છે પોતાની પ્રથમ ફીચર ફિલ્મ "આઈ એમ બન્ની"




સાચું કહ્યું છે કે, "જે તમે કોઇ છોકરીને શિક્ષિત કરો છો તો તમે આખા દેશને શિક્ષિત કરો છો" આ વાત પર વિશ્વાસ કરતાં, આરજી મૂવીઝના શ્રી અનિલ ગર્ગે પોતાની પ્રથમ ફીચર ફિલ્મ "આઈ એમ બન્ની"ની જાહેરાત કરી. આ ફિલ્મમાં એક યુવાન છોકરીનું સંઘર્ષ દર્શાવવામાં આવ્યું છે અને પોતાના રુઢિચુસ્ત ગામની અન્ય છોકરીઓને પણ ભણવાની પરવાનગી અપાવે છે

શ્રી અનિલ ગર્ગ તથા આરજી મૂવીઝના રાહુલ અને ગૌરવ ગર્ગ દ્વારા નિર્મિત અને નિતીન ચૌધરી તથા કે.કે.મકવાણા દ્વારા નિર્દેશિત "આઇ એમ બન્ની" આ ફિલ્મ "બેટી બચાઓ, બેટી પઢાઓ"ના સામાજિક ઉદ્દેશ્ય નો પ્રચાર કરે છે. એક ભારતીય છોકરીની સાચી કહાનીના આધાર પર, આ ફિલ્મ બાફશોષણ, સરકારી અધિકારીઓ દ્વારા નાનાં ગામોમાં શિક્ષાનીતિમાં હેરફેર કરેલ સંવેદનશીલ મુદ્દાને ઉઠાવે છે. આ તે નાના ગામોની વર્જનાઓ પર પણ પ્રકાશ નાંખે છે, જ્યાં એવા નિયમો છે, કે જે છોકરીઓ પાંચમાં ધોરણની આગફ ભણે છે તેને સમાજની બહાર કરવામાં આવે છે.

લેખક, નિર્દેશક કે.કે.મકવાણાએ જણાવ્યું કે, "આ ફિલ્મ એક કિશોર છોકરીના સફરને દર્શાવે છે જે ભણવા-લખવા માંગે છે અને લિંગના આધાર પર દમન અને સાંસ્કૃતિક નકારાત્મકતાઓની સામે અવાજ ઉઠાવે છે. તે ઈંગ્લેન્ડથી આવેલ પોતાના દોસ્તો અને વિદ્યાર્થીઓના એક નાના સમૂહની સાથે, એક સ્કૂલને ફરીથી ચાલુ કરવા અને ગામની બધી છોકરીને ભણવા માટે પ્રેરિત કરવા માટે ગામના સરપંચના પુત્રની સામે લડાઇ ચાલુ કરી દીધી છે. ભૂજના નજીકના એક ગામ પર આધારિત, આ કહાની વાસ્તવિક ઘટનાઓથી પ્રેરિત છે અને આ વાત બતાવે છે કે કેવી રીતે શિક્ષા આજે પણ લિંગ પર આધારિત એક વિશેષાધિકાર છે."

# Amazon.in દ્વારા ગ્રેટ ઈન્ડિયન સેલની જાહેરાત

- ૨૦થી ૨૩ જાન્યુઆરી ૨૦૧૯ સુધીમાં લાખો સેલર્સ દ્વારા મોટા સોદાઓ
- ૧૯ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ બપોરે શરૂ થતા મોટા સોદાઓમાં પ્રાઈમ મેમ્બર્સ ૧૨ કલાક વહેલો પ્રવેશ પ્રાપ્ત કરી શકે છે
- નવા ગ્રાહકો માટે પ્રથમ ઓર્ડરની વિના મુલ્યે ડિલીવરી
- વધુ બચતઃ એચડીએફસી બેન્કના ડેબિટ અને ક્રેડિટ કાર્ડ્ઝ પર ૧૦ ટકા ડિસ્કાઉન્ટ અને ઈએમઆઈ; ડેબિટ અને ક્રેડિટ કાર્ડઝ અને બજાજ ફિનસર્વ ઈએમઆઈ કાર્ડ પર નો-કોસ્ટ ઈએમઆઈ; સ્માર્ટફોન્સ, ટીવી, એસીથી વધારાની હજ્જારો પ્રોડક્ટસ પર ખાસ એક્સચેંજ લાભો પર ખાસ એક્સચેંજ લાભો!

બેંગાલુરુ, ૧૧ જાન્યુઆરી, ૨૦૧૯: અમેઝોનની 'અમેઝોન ગ્રેટ ઈન્ડિયન સેલ' ફરી પાછી આવી ગઈ છે, જે ૨૦થી ૨૩ જાન્યુઆરી સુધી મહાબચત કરાવશે, જેમાં પ્રાઈમ સભ્યો ૧૯ જાન્યુઆરી ૨૦૧૯ બપોરથી શરૂ થતી ઓફર્સમાં ૧૨ કલાક વહેલો પ્રવેશ મેળવી શકશે. લોકપ્રિય બ્રાન્ડઝ પર જંગી સોદાઓની સાથે ઝડપી ડિલીવરી અને સરફ રિટર્ન પણ મફશે, ગ્રાહકો Amazon.in પરની હજ્જારો કેટેગરીઓમાં ૧૭૦ મિલીયનથી વધુ પ્રોડક્ટ્સમાંથી ખરીદી કરી શકે છે.

"સૌથી વધુ વિશ્વસનીય અને વારંવાર મુલાકાતનું ઈકોમર્સ સ્થફ હોવાના કારણે અમે લાખો સેલર્સ તરફથી બ્લોકબસ્ટર સોદાઓ સાથે ગ્રાહકોને સેવા આપવાની તૈયારી કરી રહ્યા છીએ. અમેઝોન ગ્રેટ ઈન્ડિયન સેલમાં અનેક પ્રોડક્ટ્સના સોદા થશે જેમાં સ્માર્ટફોન્સ, કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનીક્સ, ફેશન, હોમ એન્ડ કિચન, મોટા એપ્લાયંસીસ, ડેઈલી એસેન્સિયલ્સ અને તેનાથી વધુનો સમાવેશ થાય છે. ડેબિટ અને ક્રેડિટ કાર્ડ્ઝ અને બજાજ ફિનસર્વ કાર્ડ્ઝ પર નો કોસ્ટ ઈએમઆઈ, ઝડપી ડિલીવરી અને એપ્લાયંસીસના ઈન્સ્ટોલેશન, મોબાઈલ ફોન અને મોટા એપ્લાયંસીસનું એક્સચેંજ, તાત્કાલિક બેન્ક ડિસ્કાઉન્ટ્સ અને તેનાથી વધુનો આ ઓફરમાં સમાવેશ થતો હોવાના કારણે ગ્રાહકો Amazon.inના રોમાંચક સેલની પ્રતીક્ષા કરી શકે છે."એમ અમેઝોન ઈન્ડિયાના કેટેગરી મેનેજમેન્ટના વાઈસ પ્રેસિડન્ટ મનીષ તિવારીએ જણાવ્યું હતું.

ગ્રેટ ઈન્ડિયન સેલ દરમિયાન જે ગ્રાહકો ખરીદી કરશે તેઓ એચડીએફસી બેન્ક ડેબિટ અને ક્રેડિટ કાર્ડ પર ૧૦ટકા તાત્કાલિક ડિસ્કાઉન્ટ દ્વારા વધુ બચત કરી શકે છે. ગ્રાહકો બજાજ ફિનસર્વ ઈએમઆઈ કાર્ડનો ઉપયોગ કરીને નો કોસ્ટ ઈએમઆઈ અને પસંદગીના ડેબિટ અને ક્રેડિટ કાર્ડ દ્વારા ૧૦ કરોડથી વધુનો પ્રોડક્ટની ખરીદી કરી શકે છે.

# કેઆઈવાઈજી : પંજાબ અને હરિયાણાની હોકી ટીમ સેમિફાઈનલમાં



જાન્યુઆરી : પંજાબ અને હરિયાણાની હોકી ટીમોએ જોરદાર પ્રદર્શન કરતાં ખેલો ઈન્ડિયા યૂથ ગેમ્સ ૨૦૧૯ના સેમીફાઈનલમાં ગુરુવારે પ્રવેશ કરી લીધો.

અહીં મહિન્દ્રા હોકી સ્ટેડિયમમા રમાયેલ બોય્ઝ અંડર-૧૭ વર્ગના પૂલ-બીમાં પંજાબે જોરદાર રમતનું પ્રદર્શન કરતાં ઝારખંડને ૯-૪થી હાર આપી. પંજાબની ટીમ સિમરનજોત સિંહે ત્રણ ગોલની મદદથી પહેલા હાફમાં ૫-૧થી આગળ હતી.

વિજેતા ટીમ માટે બીજા હાફમાં અજયપાલ સિંહ, અર્શદીપ સિંહ જૂનિયર, પ્રભસિમરનજીત સિંહ, આર્યન વાલિયા અને અર્શદીપ સિંહે એક-એક ગોલ કર્યો. ઝારખંડ માટે પ્રેમ કરકેતાએ બે અને શેટ તોપ્નો તથા બિલસન કિંડોએ એક-એક ગોલ કર્યો.

આ જ પૂલની બીજી મેચમાં હરિયાણાએ ચંદીગઢને ૪-૦થી પરાજય આપ્યો. હરિયાણાની ટીમ પહેલા હાફમાં ૧-૦થી આગળ હતી. બીજા હાફમાં તેણે ત્રણ વધારે ગોલ કરીને મેચ પોતાના નામે કરી લીધી. હરિયાણા માટે યોગેશ સિંહે બે અને તનુજા સરોહા તથા અંકિતે એક-એક ગોલ કર્યો.

બીજી બાજુ, પૂલ એની પહેલી મેચમાં ઉત્તર-પ્રદેશે મહારાષ્ટ્રને ૫-૩થી અને ઓડિશાએ દિલ્લીને ૩-૧થી હાર આપી.

યૂપીની ટીમ મહારાષ્ટ્ર પર ૪-૦ની સારી લીડ બનાવી હતી. પરંતુ યજમાન મહારાષ્ટ્રએ એક સમયે જોરદાર વાપસી કરીને સ્કોર ૩-૪ કરી દીધી. યુપીના છોકરાઓએ છેલ્લી મિનિટમાં એક અને ગોલ કરીને ટીમમાં ૫-૩ની જીત અપાવી દીધી. યુપી ગ્રુપ પોતાના ગ્રુપમાં અપરાજિત રહી.

# ગઠબંધનમાં પોતાના પાત્ર માટે અબ્રાર કાઝી વાસ્તવના સંજય દત્તની ભૂમિકાથી પ્રેરણા લઈ રહ્યા છે



કલર્સનો આવી રહેલ ફિક્શન ડ્રામા, ગઠબંધન શ્રુતિ શર્મા દ્વારા અભિનિત એક મહત્વકાંક્ષુ જી અધિકારી અને ગુજરાતની છોકરી ધનકના ગળાડુબ પ્રેમમાં પડતાં અબ્રાર કાઝી દ્વારા અભિનિત એક ગેન્ગસ્ટર, મરાઠી મુલગા રઘુની અસાધારણ પ્રેમ કહાણીને ખૂંદે છે. જય મેહતા પ્રોડકશન્સ દ્વારા નિર્મિત, શો ૧૫મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે કલર્સ પર દર્શાવવામાં આવશે.

સૂત્રો અનુસાર, અબ્રારને પાત્રની સાચી બોલી માટે ડાયલોગનો મહાવરો કરતાં જોઈ શકાય છે, તેણે સંજય દત્તની જેમ ચાલવાનું પણ શરૂ કરી દીધેલ છે અને સેટ પર દરેક જણની સાથે તે જ લહેજામાં વાત કરે છે. યોગાનુયોગે વાસ્તવમાં સંજય દત્તનું નામ પણ રઘુ જ હતું. ભૂમિકા પર ટિપ્પણી કરતાં અબ્રારે કહ્યું, "જ્યારે મને આ ભૂમિકા પ્રસ્તુત કરવામાં આવી, તો આ એ પડકાર સાથે આવી જ્યાં રઘુનું પાત્ર મારા વાસ્તવિક જીવનના વ્યક્તિત્વથી બિલકુલ અલગ છે. વર્ણન દરમ્યાન હું માત્ર વાસ્તવમાંના સંજય દત્તની સાથે જ આને મેળ ખાતો કરી શકયો અને મારા માટે આ એક આનંદ જેવું લાગ્યું કેમ કે હું એમનો ભારે પ્રશંસક છું. આ ભૂમિકાએ મને વારંવાર આ મૂવી જોતો અને ગઠબંધનમાં મારા પાત્ર રઘુને મઠારતો કર્યો. હું ખૂબ જ નસીબદાર છું મારા પદાર્પણના શોમાં હું મારા આદર્શ સંજય દત્તના પડદા પરના નામના જેવું જ નામ 'રઘુ' ધરાવું છું"

જય મેહતા પ્રોડકશન્સ દ્વારા નિર્મિત, શો ૧૫મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ રાત્રે ૯.૦૦ કલાકે કલર્સ પર દર્શાવવામાં આવશે!

# અનિલ કપૂર અને જુહી ચાવલા વર્ષો પછી ફરી એક સાથે પરદા પર



ફિલ્મ'એક લડકી કો દેખા તો ઐસા લગા'નું ટ્રેલર દર્શકોને ખુબ ગમ્યું છે. આ કારણે ફિલ્મની કનિદૈ લાકિઅ આતુરતાથી રાહ જોવાઈ રહી છે. ફિલ્મમાં અનિલ કપૂર સાથે તેની પુત્રી સોનમ કપૂર તો છે જ, પણ આકર્ષણની બાબત હોય તો એ છે અનિલ અને જુહીની જોડી.

કનિદૈ લાકિઅ આ બંનેએ વર્ષો અકિલા પહેલા 'બેનામ બાદશાહ', 'જુઠ બોલે કૌઆ કાટે' અને 'સલામ એ ઈશ્ક' તથા 'લોફર' જેવી હિટ ફિલ્મમાં સાથે કામ કર્યુ છે. આ ફિલ્મોમાં કનિદૈ લાકિઅ બંનેની જોડી પણ દર્શકોને ખુબ ગમી હતી. હવે વર્ષો પછી અનિલ અને જુહી ફરીથી સાથે અકીલા જોવા મળશે. રાજકુમાર રાવ પણ આ ફિલ્મમાં મહત્વના રોલમાં કનિદૈ લાકિઅ છે. અનિલ કપૂર આગામી ફિલ્મમાં માધુરી દિક્ષીત સાથે પણ વર્ષો પછી જોવા મળવાનો છે.

ફિલ્મમાં માત્ર જુના જમાનાનો રોમાન્સ નહિ, વર્તમાન સમયની નવી કનિદૈ લાકિઅ પ્રેમ કહાની પણ છે. ફોકસ સ્ટાર સ્ટુડિયો પ્રસ્તુત આ ફિલ્મનું નિર્માણ વિધુ વિનોદ ચોપડા અને રાજકુમાર હિરાણીએ કર્યુ છે. નિર્દેશન શૈલે ચોપડાનું કનિદૈ લાકિઅ છે. પહેલી ફેબ્રુઆરીએ ફિલ્મ રિલીઝ થશે.

# આંધ્ર પ્રદેશ સરકારે અદાણી ગ્રુપ સાથે સમજૂતી કરાર કર્યા




વિજયવાડા, ૧૧મી જાન્યુઆરી, ૨૦૧૯: દેશના ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવા અને ગ્રીન ડેટા સેન્ટર્સની સંકલ્પનામાં નવો પ્રમાણ ફૂંકવામાં પ્રગતિ કરતાં આંધ્ર પ્રદેશ સરકાર (જીઓએપી) દ્વારા આગામી ૨૦ વર્ષમાં વિશાખાપટ્ટનમ અને આસપાસમાં ૫ ગીગાવેટ્સ ક્ષમતા સુધી ડેટા સેન્ટર પાર્ક્સ બનાવવા માટે અદાણી ગ્રુપ સાથે બુધવારે સમજૂતી કરાર પર સહીસિક્કા કર્યા હતા. આ મહત્ત્વાકાંક્ષી પ્રકલ્પ દુનિયામાં અનોખો ૧૦૦ ટકા નવીનીકરણક્ષમ ઊર્જા સંચાલિત પ્રકલ્પ બની રહેશે.

આંધ્ર સરકાર ઈન્ટીગ્રેટેડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમૂહ અદાણી ગ્રુપ સાથે રાજ્યમાં ઉચ્ચ સ્તરની ડેટા સેન્ટર બજાર વિકસાવશે, જેથી આંધ્ર ભારત અને સાઉથ ઈસ્ટ એશિયા માટે ઈસ્ટ કોસ્ટ ડેટા સેન્ટર હબ બની રહેશે. તે કેબલ લેન્ડિંગ સ્ટેશન સાથે પણ અખંડ લાંબો દરિયાકાંઠો દેશને જરૂર છે તે ડેટાની અદભુત વૃદ્ધિ નોંધાવવા માટે જરૂરી વૈશ્વિક કનેક્ટિવિટી અને પ્રચુરતા પૂરી પાડવામાં મદદરૂપ થશે.

રાજ્ય સરકારની દીર્ઘદષ્ટિની રેખામાં આઈટી પોલિસી અને ડેટા સેન્ટરો, ક્લાઉડ ઈન્ફ્રાસ્ટ્રક્ટર અને સંલગ્નિત ટેકનોલોજી ઉદ્યોગો તેમ જ નવીનીકરણક્ષમ ઊર્જાને પ્રમોટ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરીને અદાણી ગ્રુપ ૨૦ વર્ષના સમયગાળામાં રૂ. ૭૦,૦૦૦ કરોડના રોકાણ સાથે રાજયમાં ડિજિટલ અને ઊર્જાના ઈન્ફ્રાસ્ટ્રક્ચરની પ્રગતિમાં ટેકો આપશે, જેના થકી રાજ્યમાં ૧૦૦,૦૦૦થી વધુ પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ નોકરીઓ ઊભી થવાની ધારણા છે.

પાર્ક્સ અલગ અલગ કેમ્પસોમાં વિકસાવવામાં આવશે, જે દરેક કેમ્પસ પૂરક મૂલ્ય આપવા સાથે ડેટા સેન્ટરના ઓપરેટરોને આવશ્યક પ્રચુરતા અને વિશ્વસનીયતા આપશે. ડેટા સેન્ટર પાર્ક્સ ૧૦૦ ટકા નવીનીકરણક્ષમ ઊર્જાથી સંચાલિત થશે, જે આંધ્રમાં નિર્મિતી કરાશે, જેને લીધે નવીનીકરણક્ષમ ઊર્જાનાં લક્ષ્યોને રાજ્ય વધુ આગફ લઈ જશે.

# ગુજરાતને વ્યાપારિક તકોનો લાભ આપવા તાઈવાન સજ્જ

જાન્યુઆરી, અમદાવાદ- ગુજરાતના સકારાત્મક કારોબારીય વાતાવરણ અને સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ટેકનોલોજી માટેની માંગથી ઉત્સાહિત તાઈવાન એક્સેલન્સ તારીખ ૧૭ જાન્યુઆરી થી ૨૨ જાન્યુઆરી, ૨૦૧૯ સુધી ચાલનારા વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના ટ્રેડ શોમાં ભાગ લેશે અને તેની સંશોધનાત્મક અને અદ્યતન ટેકનોલોજી પ્રદર્શિત કરશે. ઉલ્લેખનીય છે કે તાઈવાન તેની અસરકારક ટેકનોલોજી માટે જાણીતું છે, ગુજરાતના વિકાસ માટે તેની આ ટેકનોલોજીનો લાભ પ્રદાન કરવાની તક આ સમિટમાં મેળવી રહ્યું છે.

આ ટ્રેડ-શોમાં ઈ ની સહભાગિતા સંદર્ભે જણાવતાં તાઈવાન એક્સ્ટર્નલ ટ્રેડ ડેવલપમેન્ટ કાઉન્સિલ (TAITRA)ના ચેરમેનશ્રી જેમ્સ હુઆંગે જણાવ્યું હતું કે "ભારત અને તાઈવાન વચ્ચેના સંબંધો તાજેતરમાં બે રાષ્ટ્રો વચ્ચે વિવિધ ક્ષેત્રો જેવા કે સંરક્ષણ, ટ્રેડ અને કોમર્સમાં સહભાગિતામાં આવેલી વ્યાપક્તાની સાથે-સાથે મહત્વપૂર્ણ રીતે વિકસ્યા છે. ગુજરાત રાજ્યમાં વ્યાપક કારોબારીય સંભવનીયતા રહેલી છે અને અમે તેના મોટા ભાગના ક્ષેત્રોમાં ભાગ લેવા તત્પર છીએ. અહીંનું વાતાવરણ ખૂબ જ સકારાત્મક છે. તેની સમર્થક નીતિઓ, પ્રોત્સાહનો અને એઝ ઓફ બિઝનેસ દ્વારા રાજ્ય સરકાર સહભાગિતાની અઢળક તકો અને પ્રોત્સાહન પુરૂં પાડે છે. આગામી વર્ષોમાં ગુજરાતમાં વ્યાવસાયિક કારોબારની મહત્તમ તકોના સર્જન માટે તાઈવાન એક્સેલન્સ ભારે પ્રયાસો હાથ ધરશે."

તાઈવાન એક્સેલન્સ પેવિલિયન IoT સોલ્યુશન્સ, સ્માર્ટ હેલ્થકેર ઉપકરણો, મશીનરી, લાઈફસ્ટાઈલ એન્હાન્સમેન્ટ ઉપકરણો અને ICT ઉત્પાદનોની શ્રેણી પ્રદર્શિત કરનાર છે. ભારતના ડિજીટલ મિશન સાથે લય મિલાવતા તાઈવાન એક્સેલન્સ ભારતમાં સૌપ્રથમ વખત તેના અમુક નવોત્પાદનો પ્રદર્શિત કરશે. આ કાર્યક્રમમાંમાં એક્ટોન, એડવાન્ટેક, આસુસ, એવર, એવરમીડિયા, એવિઝન, સાયબરપાવર, એડિમેક્સ, ગીગાબાઈટ, મોક્સા, પાલ્મેરી, પ્લસ્ટેક, સેનોર, ટીએસસી વગેરે જેવી બ્રાન્ડસ તેમના સ્ટેટ-ઓફ-ધ-આર્ટ ઉત્પાદનો પ્રદર્શિત કરશે.

ભારત સાથે તેની તકનીકી સંશોધનાત્મક્તા અને કટીંગ-એજ ડિઝાઈનની ઔદ્યોગિક છબીને ઉત્તેજન આપવાનું તાઈવાન સરકાર ઈચ્છી રહી છે અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ બંને દેશો વચ્ચે વ્યાપારિક તેમજ આર્થિક સંબંધોના દ્વિપક્ષીય વ્યાપાર માટેનું સમર્થક પ્લેટફોર્મ છે.

# ન્યુક્લિયર ઉર્જાનું ભવિષ્ય પર નિબંધ લેખન સ્પર્ધા



ગાંધીનગર : ઊર્જાના મહત્વ અંગે જાગૃતિ પેદા કરવા અને પરમાણુ ઊર્જા સંબંધિત ગેરસમજો દૂર કરવા રાષ્ટ્રીય સ્તરે યોજાતા અભિયાનના એક ભાગ તરીકે બ્લીસ સ્કુલ, સેક્ટર ૨૪ ગાંધીનગર, ગુજરાત ખાતે બાળકો માટે નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

નિબંધ લેખન સ્પર્ધાનો વિષય ''ન્યુક્લિયર ઉર્જાનું ભવિષ્ય' હતો અને તે ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (ભારત સરકારનું ઉપક્રમ) વતી આયોજીત કરાઈ હતી.

આ સ્પર્ધામાં ૩૧૭ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, વિદ્યાર્થીઓની કામગીરીનો નિર્ણય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલ.

વિજેતા વિદ્યાર્થીઓના નામ આ મુજબ છે:

વિજેતા- ૧ : જીતેન્દ્ર પ્રજાપતિ - ધો.૮

વિજેતા-૨ : કુલદીપ ઝાલા - ધો.૭

આ પ્રસંગે શાળાના આચાર્ય શ્રી નિકુંજ શ્રીમાલી જણાવ્યું હતું કે બાળકોની અભિવ્યક્તિ એ તેમની સર્જનાત્મકતાનો એક સંકેત છે. બાળકોએ ખુબ જ સુંદર રીતે ઊર્જાનું મહત્વ રજુ કર્યું હતુ અને પરમાણુ ઊર્જા વીજળી ઉત્પાદન કેવી રીતે પર્યાવરણ માટે નુકશાનકારક નથી તે પણ દશાવિલ. તેમણે પણ વિજેતા બાળકોને ઈનામો આપ્યા હતાં.

# હાઈક ઉપર ગુજરાતી અને મરાઠીમાં ઉપલબ્ધ નવા એનીમેટેડ સ્ટીકર્સ સાથે મકરસંક્રાંતિ અને ઉત્તરાયણીની ઉજવણી કરો




ભારતની સૌપ્રથમ સ્વદેશી મેસેજિંગ એપ હાઈકએ ઉત્તરાયણ અને મકરસંક્રાતિ માટે નવા એનીમેટેડ સ્ટીકર પેક્સની જાહેરાત કરી છે. સમગ્ર ભારતમાં ઉત્તરાયણ અને મકરસંક્રાતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે તથા તહેવારની સાથે-સાથે લણણી શરૂ થાય છે. નવા સ્ટીકર પેક ગુજરાતી, મરાઠી અને અંગ્રેજીમાં ઉપલબ્ધ છે.

કાઈટ ફલાઈંગ, વિન્ટર ચીલ સાથે બોનફાયર્સ સહિતના સંદર્ભોને દર્શાવતા સુંદર સ્ટીકર સાથે રંગબેરંગી તહેવારોની ઉજવણી કરો. હાઈકના એનીમેટેડ સ્ટીકર મોકલીને આનંદ વહેંચો, જે તહેવારોના ઉત્સાહનો ય ા ગ ય પ્રકારે પ્રદર્શિત કરે છે.

૧૧ જાન્યુઆરીથી એપમાં ઉપલબ્ધ હાઈકના યુઝર્સ પ્લે સ્ટોર અને એપ સ્ટોરમાંથી તેને ડાઉનલોડ કરી શકે છે.

# ક્રેઝી સ્ટંટસ ઢગલાબંધ ટીખળો અને પુષ્કળ ડ્રામા! આ તમામ કલર્સ પર ખતરોં કે ખિલાડી ૯ ની નવી સીઝન પર થઈ રહેલ છે



ખતરોં કે ખિલાડી ૯ ની નવી સીઝન પોતાના બીજા અઠવાડિયામાં છે અને પસાર થતી દરેક ક્ષણની સાથે આ વધુ ગહન થતી જાય છે. દરેક સ્ટંટ એ રીતે ડિઝાઈન કરવામાં આવેલ છે કે જે આર્જેન્ટીનામાં કઠોર હવામાનની પરિસ્થિતિઓની સાથે જ આકરા સ્ટંટસ કરવાની બહાદુરી કરી રહેલ પ્રતિસ્પર્ધીઓની શારીરિક અને માનસિક મક્કમતાને પડકારે છે. ખતરોં કે ખિલાડી ૯ કલર્સ પર દર શનિવાર અને રવિવાર રાત્રે ૯.૦૦ કલાકે પ્રસારિત થાય છે.

આવી રહેલ એપિસોડસમાં, દર્શકો ભારતીના એક અલગ જ વર્ઝનને જોશે, જે સ્ટંટ કરતાં અગાઉ પોતાના ભય પર અંકુશ મેળવવા કેટલાંક દેશી નુસ્ખાઓ સાથે આવે છે. સ્ટંટ વિસ્તારની આરતીથી ઉતારવાથી લઈ નેગેટિવિટીને દૂર રાખવા હર્ષને નજરબટ્ટુ પહેરાવવા, ઘોડાની નાળ જેવી વસ્તુઓ સુધી, આ ખિલાડી પતી શોને આ જોડીનું સર્વોત્તમ આપવામાં કોઈ પ્રયાસ જતો કરી રહેલ નથી. તેઓના રૂમમાં જયારે એક ભૂલકું ઘુંટણિયા ભરતું આવે છે તો આ જોડીને આશ્ચર્ય થાય છે જેનાથી ભારતીને શંકા થાય છે કે હર્ષને કોઈક સ્ત્રીની સાથે લફરૂં છે.

રોહિતના ટીખળો દર સીઝનની સાથે વધુને વધુ સરસ થતાં જાય છે અને આ વખતે એમનો પ્રથમ ભોગ આદિત્ય બનશે જે ઊંચાઈથી લાગતાં તેના સૌથી મોટા ભયની સાથે લડતાં જોવા મળશે.

Printed, Published and Owned by Shri Narendra G.Joshi and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380063. Editor- Mr. NARENDRA G. JOSHI. PH :-079- 27451449, (M) 9825065387
RNI NO. GUJGUJ/2012/48123

# સાપ્તાહિક રાશિ ભવિષ્ય : તા.૧૨-૦૧-૧૯ થી ૧૮-૦૧-૧૯



### મેષ (અ. લ. ઈ)

આ સપ્તાહ દરમિયાન ભાગ્યનો સાથ ન મળે જેના લીધે નિરાશા-હતાશાનો સામનો કરવો પડે. શરૂઆતમાં માનસિકતા નબળી રહે અને થોડીક મહેનતમાં પણ થાકનો વધુ અનુભવ રહેશે. આ સમયમાં કામકાજમાં થોડા અવરોધો અપાવનારો રહેશે તેમજ સ્વાસ્થ્યની તકલીફ રહે. દ્વિધા, ચિંતા કે માનસિક ગુંચવણોમાં આપ સમય વિતાવશો. ભાગ્ય પણ મોં ફેરવીને બેઠુ હોય તેવું લાગે. શત્રુઓ કે તમારું અહિત કરનારા લોકો તમને આ સમયમાં વધુ તકલીફ આપવાની કોશિશ પણ કરે તેથી આવા લોકોથી ધ્યાન રાખવું જરૂરી છે. લગ્નજીવનમાં થોડી વિસંવાદિતા રહે. આ સપ્તાહના અંતમાં કાર્યમાં વિલંબ થાય, પરંતુ આર્થિક સ્થિતિમાં સુધારો થશે. અટવાયેલા નાણાં પરત મળી રહેશે. મોજશોખ કે વૈભવી જીવનશૈલી પાછળ ખર્ચ વધી જશે.અચાનક ક્યાંક પ્રવાસનો યોગ બને. માન-સન્માનમાં વૃદ્ધિ થાય. સ્વાસ્થ્યમાં સુધારાની શરૂઆત થશે. શક્ય હોય તો નવા કરારો કે સમજૂતીઓ હાલમાં ન કરવા.



### વૃષભ (બ. વ. ઉ)

આ સપ્તાહ દરમિયાન ડિપ્રેશન રહે. નેગેટિવ વિચાર સરણી રહેશે. વ્યવસાયમાં નુકસાનની સંભાવના રહે, માનસિક ચિંતા આપને પરેશાન રાખશે. શારીરિક અસ્વસ્થતા, ભાગ્યહાનિ રહે. પડવા-વાગવાથી સંભાળવું, માટે શુભ કાર્યની શરૂઆત આ સપ્તાહના પ્રારંભમાં ના કરવી. આંધળુ સાહસ ન કરવું. આંધળા સાહસમાં નુકશાનની શક્યતા વધુ રહેશે. નકારાત્મક વિચારો, આળસ, અને ઉત્સાહના અભાવના કારણે ધાર્યું કામ પાર પડી શકે નહીં. આ સપ્તાહના મધ્યમાં અચાનક ભાગ્યમાં બદલાવ આવશે. જેના લીધે રોજ-બરોજના નિયમિત કાર્યનો ત્યાગ થાય. ગવર્મેન્ટથી કોઈ હાનિ થાય. પુત્રના સ્વાસ્થ્યમાં તકલીફ રહે. શત્રુઓ દ્વારા હેરાનગતિનો સામનો કરવો પડે. દાંપત્યજીવનમાં વર્તનમાં આવેશ જોવા મળી શકે છે. આ સપ્તાહના અંતમાં પેન્ડિંગ કાર્યનો ઉકેલ આવે. દરેક કાર્ય સરળતાથી પુર્ણ થાય. સ્વાસ્થ્યમાં સુધારો થાય. ગવર્મેન્ટ સંબંધિત કાર્યનો ઉકેલ આવે.



### મિથુન (ક. છ. ઘ)

આ સપ્તાહ દરમિયાન ધંધાકીય બાબતે સારૂ પરિણામ જોવા મળશે. વિદ્યાર્થી ભાઈ-બહેનોએ તમારી વાર્ષિક પરીક્ષા માટેની તૈયારીઓમાં વધારે સમય ફાળવવાની જરૂર જણાય છે. નોકરી-ધંધાને લઈને આ માસ મિથુન રાશિના જાતકો માટે સામાન્ય રીતે શુભ જણાય છે. પારિવારીક સમસ્યાઓનું સુખરૂપ નિવેડો લાવી શકાશે. સ્વાસ્થ્યને લઈને થોડીઘણી સમસ્યાઓ સર્જાય. ત્વચા બાબતે કોઈ નાની-મોટી તકલીફ આવી શકે છે. ખીલ કે બ્લેકહેડ્સ જેવું કાંઈ અચાનક ઉભરી આવે. હેલ્થ માટે આ માસ સામાન્ય રહેશે. બાળકોને શરદી-ખાંસી જેવી સામાન્ય તકલીફો રહે. પર્સનલ અને પ્રોફેશનલ લાઈફ વચ્ચે બેલેન્સ બનાવી રાખવું નહીંતર તમે પરેશાન થઈ જશો. તમારા કેરીયર બાબતે એક્સપોર્ટ કે ઉપરી અધિકારીની સલાહ લઈને પછી આગળ વધવું. અચાનક કોઈ નિર્ણયો લેવા નહીં. સમજી વિચારીને નિર્ણય કરવા.



### કર્ક (ડ. હ)

આ સપ્તાહ દરમિયાન ધન સંબંધી વૃદ્ધિ થાય. આવકમાં વધારો જોવા મળે. આર્થિક સ્થિતિ સારી બને. નાણાંભીડમાં ઘટાડો જોવા મળે. નોકરીમાં બઢતી કે ધંધામાં આવકમાં વધારો થાય, પણ ધનની સ્થિતિ મજબૂત બનતી જાય. નોકરીયાત વર્ગને ભાગ્યને સપોર્ટ મળતાં તેમની બઢતી-પ્રમોશન મળે. ભણતર અને અનુભવના આધારે યોગ્ય કક્ષાની નોકરી મળે. માન-સન્માનમાં વધારો થાય. લવ લાઈફ, મેરેજ લાઈફ, પ્રેમ જીવન કે વૈવાહિક જીવનમાં આનંદમય સાનુકુળ સમય પસાર થાય તેવા યોગો બને છે. નવા પ્રેમસંબંધો બંધાય તે માટે પણ સરસ સમય ચાલી રહ્યો છે. માતા-પિતાનો પૂર્ણ સહકાર પ્રાપ્ત થાય. તેમના આશીર્વાદ પ્રાપ્ત થાય. તમારો થોડો સમય તમારા પરિવારના સભ્યો પાછળ પસાર કરવો જેથી ઘરમાં સુખ-શાંતિનું વાતાવરણ બનેલું રહે. કેરિયરને લઈને આ સમય સારો પસાર થઈ રહ્યો છે. નોકરીયાતને અચાનક શુભ સમાચાર પ્રાપ્ત થાય. વ્યવસાય ધરાવનારને તેમના વ્યાવસાયિક ક્ષેત્રે અણધારી નવી તકો મળે



### સિંહ (મ.ટ)

આ સપ્તાહ દરમિયાન પ્રેમસંબંધો અને સંતાનોને લગતી બાબતોમાં થોડી સાવધાની રાખવાની સલાહ આપે છે. તેમના બાબતે તમારા દિલમાં વિશેષ કાળજી અને ચિંતા રહેશે પરંતુ સાથે સાથે તમે તેમના માટે ઘણું કરી રહ્યા છો તેવો અહં પણ જાગશે. સપ્તાહના મધ્યમાં આપના વિચારોમાં ખૂબ જ ઝડપથી પરિવર્તન આવશે. આ સમયમાં નોકરી-ધંધાના ક્ષેત્રે સ્પર્ધાનો સામનો કરવાની તૈયારી રાખવી પડશે. આ ઉપરાંત નોકરી બદલવા અંગેના વિચારો આવી શકે છે અથવા કમસેકમ તમારી વર્તમાન જગ્યાએ સ્થાનફેર કે જવાબદારીમાં ફેરફારની પણ તૈયારી રાખવી પડશે. સપ્તાહના મધ્યમાં જીવનસાથી જોડે તમે ઉત્તમ સુખ માણી શકો પરંતુ છેલ્લા દિવસે તમારામાં વિરક્તિની ભાવનમાં વધારો થઈ શકે છે. છેલ્લા દિવસે ગૂઢ અને આધ્યાત્મિક બાબતોમાં તમારા બૌદ્ધિક કે તાર્કિક વિચાર વિનિમયને અવકાશ મળે. જોકે છેલ્લો દિવસ અન્ય બાબતોમાં તમારી વ્યાકુળતા વધારશે.



### કન્યા (પ. ઠ. ણ)

આ સપ્તાહ દરમિયાન આનંદપૂર્વક સમય પસાર કરવાના યોગ છે પરંતુ તમારે કોઈની સાથે ચર્ચા કરતી વખતે પોતાની વાત સાચી ઠેરવવાનો હઠાગ્રહ છોડવો પડશે. નાણાંકીય બાબતોમાં ભવિષ્ય માટે સારું પ્લાનિંગ કરી શકો. નકારાત્મક વિચારોથી દૂર રહેવાની સલાહ છે. કલાકાર – કસબીઓને તેમની કલાનું પ્રદર્શન કરવાની તક મળશે અને તેમની કલાની કદર થશે. સપ્તાહના મધ્યમાં વિચારોની અસ્થિરતા કોઈ બાબતે નિર્ણય લેવાનું મુશ્કેલ બનાવશે. ખાસ કરીને પ્રેમ સંબંધો માટે આ સમયનો વિશ્વાસ કરવા જેવો નથી. વિવાહિતોને પણ જીવનસાથીના ગુસ્સાનો સામનો કરવો પડે તેવી સંભાવના નકારી શકાય નહીં. નોકરીમાં સપ્તાહના ઉત્તરાર્ધમાં તમે ઉત્તમ પરફોર્મન્સ આપીને સૌને ચોંકાવી શકશો. વ્યવસાયના ક્ષેત્રે સ્પર્ધાનો સામનો કરવો પડશે . નવું કાર્ય કરવાનું આયોજન થઈ શકે છે. સપ્તાહના અંતે વિદ્યાર્થીઓએ અત્યારે અભ્યાસમાં ઘણું વધારે ધ્યાન આપવું પડશે.



### તુલા (ર. ત)

આ સપ્તાહ દરમિયાન તમારૂ ઉર્જા સ્તર થોડું ઉંચુ જાય. થોડું માનસિક ટેન્શન રહ્યા કરે. પાડોશી જોડેના સંબંધોમાં થોડો ખટરાગ રહ્યા કરે અને આજના દિવસે નાણાંકીય કોઈ વ્યવહાર ના કરવો. મકાન-વાહન પાછળ મરામત ખર્ચ થાય. વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં રૂચિ ના આવે. શેરબજારમાં કામ કરતા લોકોએ સાચવીને કામ કરવું. આજે ફ્રેન્ડ્સ સાથે ક્યાંક બહાર જવાનું થાય. પ્રેમ સંબંધોમાં થોડી નિરસતા આવી શકે છે. બહારના કામકાજમાં સારી સફળતા મળી શકે છે.રોજ હેલ્થમાં થોડી બેચેની રહ્યા કરે અને રોગ-શત્રુઓથી સાચવીને કામ કરવું. ખાવા-પીવામાં થોડું ધ્યાન રાખવું. કોર્ટ-કચેરીના કામમાં યોગ્ય વ્યક્તિની સલાહ લઈને કામ કરવું. હેલ્થ માટે યોગા-પ્રાણાયામ કરવો. એસીડીટી થાય. માટે ખાવા-પીવામાં ખાસ ધ્યાન રાખવું અને કોઈની સાથે ઉધાર પૈસા ના આપવા. કોઈ કાગળ-દસ્તાવેજમાં વાંચીને સહી કરવી.પ્રિય પાત્ર સાથે મુલાકાત થાય. માનભંગ થવાની શક્યતા છે. મુસાફરી ટાળવી.



### વૃશ્ચિક (ન.ય.)

આ સપ્તાહ દરમિયાન જામીન ન થવાની તેમજ નાણાંની લેવડ-દેવડ ના કરવાની સલાહ છે. ખર્ચનું પ્રમાણ વધારે રહે છે. આરોગ્યની બાબતમાં ધ્યાન રાખવું. પારકાનું ભલું કરવા જતાં આફત નોતરી બેસો એવું બને. નવા કાર્યની શરૂઆત કરી શકો. ભાઈ ભાંડુઓનું વલણ આજે વધારે સહકારભર્યું રહે. પ્રિયજન સાથે મિલન થતાં મન આનંદ અનુભવશે. નાની મુસાફરી થાય. ચિંતાતુર મન અને શરીરની અસ્વસ્થતા આપને બેચેન રાખશે. સ્ત્રી તથા પાણીથી સંભાળવું. વાહન મિલકતનાં દસ્તાવેજો કરવામાં સાવચેતી રાખવી. આપ વધારે પડતા લાગણીશીલ બનશો અને તેના કારણે માનસિક અસ્વસ્થતા અનુભવશો. માતા સાથેના સંબંધો બગડે અથવા માતાના આરોગ્યની ચિંતા થાય, કૌટુંબિક અને જમીન મિલકતને લગતી ચર્ચાઓમાં સાવધાની રાખવી જરૂરી છે. પાણીથી સંભાળવું પડે.સંતાનોની કોઈક ચિંતા આપને સતાવશે. વિદ્યાભ્યાસમાં અવરોધ આવે. નવા કાર્યની શરૂઆતમાં નિષ્ફળતા મળે.



### ધન (ભ.ધ.ફ.ઢ)

આ સપ્તાહ દરમિયાન જાતકની શારિરીક અને માનસિક સ્થિતિ સંતોષકારક રહેશે. શરીર સ્વસ્થ રહે. મન પ્રફુલ્લિત રહે. આ સપ્તાહ દરમ્યાન કામ કરવાની ઈચ્છા થાય. આળસને સહજતાથી દૂર કરી શકાય. જાતક નાની-મોટી સ્પર્ધા માં ભાગ લે અને સફળ પણ થાય. મનોબળ મજબૂત અને મક્કમ બને. કારકિર્દી અને નોકરીયાત વર્ગ માટે વાત કરીએ તો તેઓને થોડી મહેનત વધારે કરવી પડે. સંઘર્ષણય સપ્તાહ રહે પણ તમારી મહેનતનો પૂરેપુરો લાભ તમને મળે. વ્યવસાય કરનાર જાતકો માટે આ સપ્તાહ આશાસ્પદ રહેશે. ધંધાકીય ક્ષેત્રે પ્રગતિ થાય. ધંધાનું વિસ્તૃતિકરણ આ સમય દરમ્યાન કરી શકો છો. જે પ્રોજેક્ટ કોઈ કારણોસર આગળ વધતા નહીં હોય તે આગળ વધશે. ધંધાકીય ક્ષેત્ર માટે કોઈ લૉનની જોગવાઈ કરવાની હશે તો આ સમય દરમ્યા થઈ જાય. પારિવારીક સમસ્યાઓનું નિરાકરણ આવે. જૂના વાદ-વિવાદનો સુખદ અંત આવે.



### મકર (ખ.જ.)

આ સપ્તાહ દરમિયાન થોડી ભાગદોડ રહેશે. સપ્તાહના મધ્ય ભાગથી અંત સુધીનો સમયગાળો એકંદરે ખુશનુમા સારો રહેશે. આર્થિક સ્થિતિ સદ્ધર અને ધન સંબંધી સમસ્યાઓનો ઉકેલ મળતો જણાય. તમારી સ્વાસ્થ્ય સંબંધી કોઈ સમસ્યાઓ હશે તો તેમાં સુધારો જલ્દીથી જોવા મળે. માથાનો દુઃખાવો કે વાળ સંબંધી કોઈ સમસ્યાઓ સર્જાઈ હોય તો તેમાંથી છુટકારો મળે. તમે ઘણા સમયથી માનસિક ચિંતાઓથી ઘેરાયેલા હોવ તો તેમાંથી રાહત નો દમ મળે. આર્થિક સમસ્યાઓનો અંત આવે. આવક વૃદ્ધિના યોગો તો જણાય છે જ સાથે સાથે પરિવારના અન્ય સભ્યો તરફથી પણ નાણાંકીય પૂરતો સપોર્ટ મળે. પારિવારીક સમસ્યાઓનું નિરાકરણ આવે. કુટુંબમાં નવા વ્યક્તિનું આગમન થાય. સંતાનોના લગ્ન સંબંધી વાટાઘાટો ચાલતી હોય તો તેમાં સારા સમાચાર પ્રાપ્ત થાય. ઘરમાં પારિવારીક સંયુક્ત પૂજા-પાઠનું આયોજન થાય તે અર્થે ખર્ચ વધે. પણ તેની જોગવાઈ પણ થઈ જાય.



### કુંભ (ગ.શ.સ.ષ.)

આ સપ્તાહ દરમિયાન શારિરીક સ્વાસ્થ્ય જળવાયેલું રહે. મનમાં તેમજ વિચારોના ઉતાર – ચઢાવ સાથે લાગણીશીલતાનાં તેમજ પ્રેમનાં પ્રસંગો ઉદભવે. શરૂઆતમાં લાગણી અને પ્રેમ બાબતે દુઃખ થાય અને આગળ જતાં તે પ્રેમ દ્વારા આનંદની અનુભૂતિ કરાવે. વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં એકાગ્રતા જળવાય. શેર તેમજ સટ્ટાકીય કામકાજ કરનારાને લાભ લઈ શકાય. થોડું ચેતતું રહેવાની સલાહ છે. નહીં તો તે જ લાભ નુકશાનીમાં પરિવર્તિત થતો જોવા મળે. નોકરીયાતોને થોડી ચિંતા કરાવ્યા બાદ આનંદનો અનુભવ થાય. વેપારીઓને વેપાર ધંધો સારો રહે. નાણાંકીય જરૂરિયાતોમાં તેમજ લૉન લેવાની ઈચ્છા ધરાવનારને લોનનાં કાગળ તેમજ ફાઈલની કાર્યવાહીને વેગ મળે.પતિ-પત્નીના સંબંધમાં અહંકાર ટકરાઈ શકશે. સાવચેત રહેવાની સલાહ છે. પિતા-પુત્રનાં સંબંધમાં કડવાહટ આવી શકે છે. કુટુંબની મિલકત અને જમીન મકાનની લેતી-દેતીના કામકાજ સારી રીતે નિભાવી શકાય.



### મીન (દ.ચ.ઝ.થ)

આ સપ્તાહ દરમિયાન લાગણીનાં સંબંધોમાં તિરાડ આવી શકે છે. માતા-પિતાની તબિયતમાં સુધારો જણાય. વેપાર-ધંધામાં નવા ઓર્ડરો મળે. વેપાર ધંધાનો વિકાસ થાય. વેપારમાં રૂપિયા પૈસાનું સંચાલન / આયોજન બરાબર ગોઠવી શકાય. મનના તરંગો, લાગણીના સંબંધો બે વિરૂદ્ધ દિશામાં અનુભવાય. સમય તેમાં તમોને સાથ આપે. વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસમાં ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી. શેરબજારનું કામ કરનારાએ સાવચેત રહી ધ્યાન આપવું. બેધ્યાનપણું તેમાં નુકશાન કરાવી શકે છે. વેપારમાં લૉન તેમજ નાણાંની જરૂરિયાત સંતોષાઈ શકે. ભાગીદારીના ધંધામાં સાવચેતી રાખવી જરૂરી, નહીં તો દગો થઈ શકે છે. શેર-સટ્ટામાં નફો થતો જણાય. પતિ-પત્નીના સંબંધોમાં ખૂબ જ અનુકુળતા જણાય. અપરણિતોને સગાઈ તેમજ લગ્નનું આયોજન થાય. વિદેશ જવા ઈચ્છનારાઓ માટે અનુકુળતા વધે.

---

### ટીસીએસના શેરમાં બે ટકાથી વધુનો ઘટાડો નોંધાતા અફડાતફડી

# તીવ્ર વેચવાલી વચ્ચે સેંસેક્સ ૯૭ પોઈન્ટ ઘટ્યો : વેપારીઓ નિરાશ

### સાપ્તાહિક આધાર પર સેંસેક્સમાં ૦.૮૮ ટકા અને નિફટીમાં ૦.૬૩ ટકાનો વધારો થયો : નિફટી ૨૭ પોઈન્ટ ઘટીને ૧૦૭૯૫ની નીચી સપાટી પર રહ્યો

એજન્સી દ્વારા મુંબઇ,તા. ૧૧

શેરબજારમાં આજે સતત બીજા દિવસે મંદી રહી હતી. કારોબારના અંતે સેંસેક્સમાં વધુ ઘટાડો થયો હતો. આજે સેંસેક્સ ૯૭ પોઈન્ટ ઘટીને ૩૬૦૧૦ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૨૭ પોઈન્ટ ઘટીને ૧૦૭૯૫ની નીચી સપાટીએ રહ્યો હતો. પસંદગીના બેંકિંગ, ઓટો મોબાઈલના શેર અને ટીસીએસના શેરમાં જોરદાર ઘટાડો રહ્યો હતો. સાપ્તાહિક આધાર પર બીએસઈ સેંસેક્સ ૦.૮૮ ટકા અને નિફ્ટી ૦.૬૩ ટકાના ઉછાળા સાથે બંધ રહ્યા હતા. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં શુક્રવારના દિવસે ૧૯ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૫૧૭૭ રહી હતી જ્યારે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨૮ પોઈન્ટનો ઘટાડો રહેતા તેની સપાટી ૧૪૬૦૦ રહી હતી. ટીસીએસના શેરમાં આજે બે ટકાનો ઘટાડો રહ્યો હતો. ટીસીએસના શેરમાં ઘટાડો રહેવા માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. ટીસીએસે તેના પરિણામો પણ આજે જાહેર કર્યા હતા. એફએમસીજીની મહાકાય કંપની આઈટીસીના શેરમાં ૧.૮૫ ટકાનો ઉછાળો નોંધાયો હતો. ડોલર સામે રૂપિયો નરમ રહ્યો હતો. તેલની કિંમતોમાં ફરીવાર સાપ્તાહિક આધાર પર સુધારો થયો છે. બ્રેન્ટ ક્રૂડની કિંમતમાં પ્રતિબેરલ ઘટાડો થતાં તેની કિંમત ૬૧.૫૯ ડોલર થઇ ગઇ છે. એફપીઆઈએ ૨૦૧૮માં ૮૩૦૦૦ કરોડ રૂપિયા પાછા ખેંચી લીધા છે. જ્યારે ૨૦૧૭માં રેકોર્ડ બે લાખ કરોડ રૂપિયા ઠાલવવામાં આવ્યા હતા. જુદા જુદા કારણો આના માટે જવાબદાર રહ્યા છે. ૨૦૧૮ પહેલા એફપીઆઈ દ્વારા સતત છ વર્ષમાં ઈક્વિટીમાં ખરીદી કરવામાં આવી હતી.આ વખતે નાણાં પરત ખેંચવામાં આવ્યા છે. ૨૦૧૧માં ભારતીય શેરબજારમાંથી એફપીઆઈએ નાણાં પરત ખેંચ્યા હતા. તે પહેલા ૨૦૦૮માં પણ વેચવાલીનો માહોલ રહ્યો હતો. ૨૦૧૮માં એફપીઆઈ શરૂઆતના ગાળામાં નાણાં ઠાલવ્યા હતા પરંતુ વૈશ્વિક બજારમાં નબળી સ્થિતિ અને ઈક્વિટી મૂડીરોકાણ ઉપર લોંગ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સના પરિણામ સ્વરુપે નાણાં પરત ખેંચવાની શરૂઆત થઈ હતી. માર્ચ મહિનામાં ટુંકી રિકવરી થયા બાદ આ વર્ષના મોટાભાગના ગાળામાં વેચવાલી રહી હતી. વર્ષ ૨૦૧૮માં બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ મૂડી ઘટીને ૧૪૪૪૮૪૬૫.૬૯ કરોડ થઈ ગઈ હતી. માર્કેટ મૂડીમાં ૭૨૫૪૦૧.૩૧ કરોડનો ઘટાડો થયો હતો. સેંસેક્સમાં વર્ષ ૨૦૧૮માં ૫.૯૧ ટકાનો ઉછાળો આવ્યો હતો. જ્યારે સેંસેક્સમાં ૫.૯૧ ટકાનો સુધારો આવ્યો હતો જ્યારે નિફ્ટીમાં ૩.૧૫ ટકાનો ઉછાળો રહ્યો હતો. સેક્ટરલ ઈન્ડેક્સમાં નિફ્ટી બેંક ઈન્ડેક્સમાં આ વર્ષ દરમિયાન ૬.૩૫ ટકાનો ઉછાળો આવ્યો હતો. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેક્સમાં ૧૩.૩૮ ટકાનો ઘટાડો રહ્યો હતો. સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૨૫.૫૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. કારોબારના અંતે સેંસેક્સ ગુરુવારના દિવસે ફાઈનાન્સિયલ કાઉન્ટરોમાં વેચવાલી વચ્ચે તથા વૈશ્વિક બજારમાં મંદી વચ્ચે ઘટીને બંધ રહ્યો હતો. સેંસેક્સ આજે ૧૦૬ પોઈન્ટ ઘટીને ૩૬૧૦૭ની નીચી સપાટીએ રહ્યો હતો અને નિફ્ટી ઈન્ડેક્સ ૩૪ પોઈન્ટ ઘટીને ૧૦૮૨૨ની નીચી સપાટીએ રહ્યો હતો. બીએસઇ મિડકેપ ઈન્ડેક્સમાં ૧૫૧૯૬ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧૪૬૨૮ની સપાટી રહી હતી.

---

### શેરના બાયબેકની પણ કંપની દ્વારા જાહેરાત કરાઈ

# ઈન્ફોસીસના નેટ પ્રોફિટમાં ૨૯.૬ ટકા સુધીનો ઘટાડો

### બાયબેકનું કદ ૪૧૩૦ કરોડની આસપાસ રહી શકે છે

એજન્સી દ્વારા
નવીદિલ્હી, તા. ૧૧

આઈટીની મહાકાય કંપની ઈન્ફોસીસે આજે તેના વર્ષ ૨૦૧૯ના ત્રીજા ત્રિમાસિક ગાળાના પરિણામ જાહેર કર્યા હતા જેમાં તેના નેટ પ્રોફિટમાં ૨૯.૬ ટકાનો ઘટાડો થઇ ગયો છે. કંપનીએ નેટ પ્રોફિટનો આંકડો ગયા વર્ષના આજ ત્રિમાસિક ગાળામાં ૫૧૨૯ કરોડ દર્શાવ્યો હતો જેની સામે આ વખતે નેટ પ્રોફિટનો આંકડો ૩૬૦૯ કરોડ દર્શાવ્યો છે. કંપનીએ વચગાળાના ચાર રૂપિયાના ડિવિડન્ડની જાહેરાત કરી છે. અપેક્ષા મુજબ જ કંપનીએ શેરોના બાયબેકની પણ જાહેરાત કરી છે. કંપનીએ કહ્યું છે કે, તે ૧૦૩૨૫૦૦૦૦ ઈક્વિટી શેરની ફરીવાર ખરીદી કરશે. ઈક્વિટી શેર કંપનીના પેઇડઅપ કેપિટલ પૈકી ૨.૩૬ ટકાની આસપાસ છે. ૩૧મી ડિસેમ્બર ૨૦૧૮ના આંકડા મુજબ આ મુજબની વાત કરવામાં આવી છે. બાયબેકનું કદ ૪૧૩૦ કરોડ રૂપિયાનું રહી શકે છે. માર્કેટ મૂડીની દ્રષ્ટિએ પ્રભુત્વ ધરાવનાર ઈન્ફોસીસના પરિણામ આજે જાહેર કરવામાં આવ્યા બાદ તેની અસર નવા કારોબારી સપ્તાહમાં પણ જોવા મળી શકે છે. આજે તેના શેરમાં ૨.૯ ટકાનો ઘટાડો થયો હતો. જો કે, બાયબેકની જાહેરાતથી ફાયદો થશે.

---

# સોની YAY! ટૂન્સ હની અને બની અમદાવાદમાં બાળકો અને વાલીઓ માટે મકર સંક્રાંતિ વિશેષ બનાવે છે!



*સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયાની બાળકોની મનોરંજક ચેનલ સોની રૂછરૂ!ના હની અને બનીએ હાલમાં ગુજરાતમાં સૌથી ભવ્ય અને અત્યંત રંગબરંગી મહોત્સવ મકર સંક્રાંતિ માટે નવરંગ સ્કૂલની મુલાકાત લીધી હતી. ચેનલે સ્કૂલમાં બાળકો અને તેમના વાલીઓ સાથે પતંગ શણગારવાનું સત્ર આયોજન કર્યું હતું, જે આ તહેવારની અસલ ખૂબી પતંગો અને એકતાને મઢી લે છે. આ મોજમસ્તીમાં ઉમેરો કરતાં તેમને બે જૂથોમાં વહેંચવામાં આવ્યા હતા, ટીમ હની અને ટીમ બની, જેમની વચ્ચે રસપ્રદ પતંગ ઉડાવવાની સ્પર્ધા જામી હતી. હની અને બનીએ તેમની ટીમનો જોશ વધારીને સૌએ એકત્ર મળીને આખો દિવસ મોજમસ્તી કરી હતી. બાળકો અને તેમના વાલીઓ પણ પતંગ કઈ રીતે ઉડાવવા તેની પર મોજીલી ટિપ્સનું આદાનપ્રદાન કરતા જોવા મળ્યા હતા. વહાલાં પાત્રો બાળકો, વાલીઓ અને શિક્ષકો સાથે નૃત્ય, મોજમસ્તી અને મનોરંજન કરતાં જોવા મળ્યા હતા.*

*દેખીતી રીતે જ દરેક માટે આ મોજીલો અનુભવ હતો અને વિશેષ સ્મૃતિઓ નિર્માણ કરી હતી!*

---

# 'ફોર મોર શોટ્સ પ્લીઝ'નું ટ્રેલર રિલીઝ




*લાંબા સમયથી ચર્ચામાં રહેલી વેબ સિરીઝ 'ફોર મોર શોટ્સ પ્લીઝ'નું ટ્રેલર રિલીઝ થઈ ચૂક્યુ છે. આ વેબ સિરીઝ એમેઝોન પ્રાઈમ વીડિયો પર ૨૫ જાન્યુઆરીથી પ્રસારિત થશે. ૨૫ જાન્યુઆરીથી ૨૦૦ દેશમાં આ વેબસિરીઝ પ્રસારિત થશે.*

*પ્રાઈમ ઓરિજિનલ સિરીઝમાં સયાની ગુપ્તા, કીર્તિ કુલ્હારી, બાની જે અને માનવી ગગરુ લીડ રોલમાં છે. તો પ્રતીક બબ્બર, નીલ ભૂપલમ્, લિસા રે, સપના પબ્બી, અમૃતા પુરી, મિલિંદ સોમણ પણ મહ્ત્વના રોલમાં દેખાશે. પૉપ કલ્ચરના સંદર્શ સાથે મોડર્ન મહિલાની વિચારધારા અને મગજને સમજવા માટે 'ફોર મોર શોટ્ર્સ પ્લીઝ' જોઈ શકાય.*

---

### રાજ્યની તિજોરી ઉપર ૧૦૦૦ કરોડનો બોજ

# યુપીમાં યુરિયાની કિંમતમાં ૧૦ ટકા સુધી ઘટાડો થયો

### લોકસભા ચૂંટણી પહેલા યોગી સરકારનો ખેડૂતોના હિતમાં મોટો નિર્ણય : પુરતા ખાતરની ખાતરી પણ કરવામાં આવી

એજન્સી દ્વારા નવી દિલ્હી, તા. ૧૧

કૃષિ સેક્ટરને મોટી રાહત આપીને ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકારે યુરિયાની કિંમતમાં ૧૦ ટકાથી વધુનો ઘટાડો કરી દીધો છે. ૨૦૧૯માં યોજાનારી લોકસભા ચૂંટણી પહેલા આ નિર્ણય લેવામાં આવ્યો છે. લોકસભા ચૂંટણી આડે ગણતરીના મહિના રહ્યા છે ત્યારે યોગી સરકારે આ નિર્ણય લીધો છે. ઉત્તરપ્રદેશના ખેડૂતોને આના કારણે મોટી રાહત થઇ શકે છે. રાજ્યની તિજોરી ઉપર આના પરિણામ સ્વરુપે ૧૦૦૦ કરોડનો બોજ પડનાર છે. રાજ્યમાં યુરિયાની કિંમતો અન્ય રાજ્યોની સરખામણીમાં ખુબ ઉંચી છે. નેચરલ ગેસ ઉપર વધારાના વેટના પરિણામ સ્વરુપે યુરિયાની કિંમત રાજ્યમાં વધારે છે. લાંબા ગાળાથી ખેડૂતો દ્વારા કરવામાં આવેલી માંગણીને ધ્યાનમાં લઈને આદિત્યનાથ સરકારે કિંમતોમાં ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. અન્ય રાજ્યોની જેમ જ યુરિયાની કિંમતને ઓછી રાખવા માટે ખેડૂતો દ્વારા છેલ્લા ઘણા સમયથી માંગ કરવામાં આવી રહી હતી. હવે ૨૯૯ રૂપિયાની કિંમતમાં જે યુરિયા ૪૫ કિલોની બેગમાં મળે છે તે ૨૬૬.૫૦ રૂપિયામાં મળશે જ્યારે ૫૦ કિલોની યુરિયાની બોરી ૩૩૦.૫૦ રૂપિયામાં મળતી હતી જેના બદલે હવે ૨૯૯ રૂપિયામાં ઉપલબ્ધ બનશે. નવા રેટ આવતીકાલે શનિવારથી અમલી કરી દેવામાં આવનાર છે. રાજ્યસરકારના પ્રવક્તાએ કહ્યું છે કે, આ હિલચાલનો હેતુ વર્ષ ૨૦૨૨ સુધી ખેડૂતોની આવક બે ગણી કરવાની રુપરેખા તરીકે ગણવામાં આવે છે. અગાઉ નેચરલ ગેસને ધ્યાનમાં લઈને વેટના ત્રણ સ્લેબ રાખવામાં આવ્યા હતા અને ૨૬ ટકા ટેક્સ હતો જેમાં વધારાના લેવીનો સમાવેશ થાય છે. હવે નેચરલ ગેસ ઉપર ટેક્સ ૨૧ ટકાથી ઘટાડીને ૧૪.૫ ટકા કરી દેવામાં આવ્યો છે અને પાંચ ટકાના વધારાના વેટને દૂર કરવાનો નિર્ણય કરાયો છે. વેટમાં ઘટાડાના પરિણામ સ્વરુપે રાજયની તિજોરી ઉપર પ્રતિવાર્ષિક ૧૦૦૦ કરોડ રૂપિયાનો બોજ આવશે. હાલમાં જ રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં બંનેલી કોંગ્રેસની સરકારે અનેક પ્રકારના પગલા લીધા છે પરંતુ અહીં યુરિયાની તીવ્ર કટોકટી પ્રવર્તી રહી છે. રવિ વાવણી સિઝનની શરૂઆત થઈ રહી છે. આવી સ્થિતિમાં જુદા જુદા રાજ્યોમાં દેખાવો કરવામાં આવી રહ્યા છે. ખેડૂતો દ્વારા ખાતરની અછતને લઈને હોબાળો મચાવી રહ્યા છે. સોમવારના દિવસે ઉત્તરપ્રદેશના કૃષિ મંત્રી સૂર્યપ્રતાપ શાહીએ રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ અને ખાતર કંપનીઓના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી હતી અને યુરિયા તથા જમીનના અન્ય પોષક તત્વોના પુરતા પુરવઠાની ખાતરી કરવા વાતચીત કરવામાં આવી હતી. શાહીએ દાવો કર્યો હતો કે, તમામ કેમિકલ ફર્ટીલાઈઝર્સને પુરતો જથ્થો ઉપલબ્ધ છે જેમાં યુરિયા, નાઈટ્રોજન, ફોસ્ફરસ, પોટાસનો સમાવેશ થાય છે. કોઈપણ પ્રકારની અછત નથી. રાજ્ય સરકાર ખેડૂતોને ખાતરનો પુરવઠો ઉપલબ્ધ કરાવવા કટિબદ્ધ છે. રાજ્યમાં કો-ઓપરેટિવ સંસ્થાઓ મારફતે ખાતરનો જથ્થો અપાશે.

---

# કિરણ કૂમારની ફિલ્મ 'બાપ રે' વિવાદોમાં, કોર્ટે ફિલ્મની રિલીઝ પર લગાવી રોક

### અરજદારનાં વકીલનું કહેવું છે કે, આ ફિલ્મ ભૂતકાળમાં બનેલી ફિલ્મ 'બાપ રે બાપ'ની કોપી

**એજન્સી દ્વારા અમદાવાદ**

ગુજરાતી ફિલ્મ 'બાપ રે' વિવાદોમાં સપડાઇ છે. ફિલ્મ પર હાઇકોર્ટે સ્ટે લાવી દીધો છે. આ ફિલ્મ ૧૮ જાન્યુઆરીનાં રોજ રિલીઝ થવાની હતી પણ કોર્ટે તેની રિલીઝ અટકાવવાનો આદેશ આપ્યો છે.ફિલ્મની રિલીઝ પર રોક લગાવનારા અરજદારનાં વકીલનું કહેવું છે કે, આ ફિલ્મ ભૂતકાળમાં બનેલી ફિલ્મ 'બાપ રે બાપ'ની કોપી છે. બંનેનાં નામની સાથે સાથે તેનો સ્ટોરી કોન્સેપ્ટ પણ એક સરખો જ છે.

આપને જણાવી દઈએ કે કિરણ કુમાર સ્ટાર આ ફિલ્મનાં ડિરેક્ટર નિરવ બારોટ છે તેણે જ મલહાર અને મોનલ ગજ્જરની 'થઇ જશે' ડિરેક્ટ કરી હતીફિલ્મની રિલીઝ અટકી જતા ફિલ્મનાં લિડ હિરો કિરણ કુમારને મોટો છાટકો લાગ્યો છે. ૧૮ જાન્યુઆરીએ રિલીઝ થનારી આ ફિલ્મ કોર્ટે રિલીઝ ન કરવાનો આદેશ આપ્યો છે.હાલમાં ગુજરાતી ફિલ્મો અને ગીતોમાં જુના ગીતો કોપી કરવાનું ચલણ જાણે વધ્યુ હોય તેમ લાગે છે. આ પહેલાં કિંજલ દવેનાં ગીત 'ચાર ચાર બંગડી વાળી ગાડી'ની પર આરોપ હતો કે તે ચોરાયેલું સોન્ગ છે.

‘શેપીંગ અ ન્યૂ ઈન્ડિયા’ થીમ પર યોજાઈ રહેલી સમિટ ૨૦૧૯

# વડાપ્રધાનમોદીના ‘નયા ભારત’ ના નિર્માણના સંકલ્પને સાકાર કરવાની દિશામાં મહત્વનું કદમ મુખ્ય સચિવ ડૉ. જે.એન સીંગ



પ્રતિનિધિ દ્વારા ,ગાંધીનગર, તા.૧૧

મુખ્યમંત્રી વિજય રૂપાણીના દ્રષ્ટિવંત નેતૃત્વ હેઠળ યોજાઈ રહેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ની નવમી શૃંખલા સંદર્ભે વિશેષ માહિતી આપતાં રાજયના મુખ્ય સચિવ ડૉ.જે.એન.સિંહે જણાવ્યું હતું કે ‘શેપીંગ અ ન્યુ ઈન્ડિયા’ થીમ પર યોજાઈ રહેલી આ સમિટ વડાપ્રધાનશ્રીના ‘નયા ભારત’ના નિર્માણના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક મહત્વનું પગલું બની રહેશે. આ સમિટમાં વેપાર અને નિકાસને મજબૂત બનાવવા, સેવા ક્ષેત્રનો વિકાસ તથા યુવાનોની સહભાગિતા અને સશક્તિકરકણ તેમજ નયા ભારતના નિર્માણમાં અગ્રેસર રાજય તરીકે ગુજરાતને પ્રસ્થાપિત કરવા જેવી બાબતોને અગ્રતા આપવામાં આવશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, જ્યારે સમગ્ર વિશ્વ ડિજીટલ યુગમાંથી પસાર થઇ રહ્યું છે ત્યારે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ એ ગુજરાતને એડવાન્સ ટેકનોલોજી ક્ષેત્રે અગ્રેસર બનાવવા માટેની એક મહત્વની તક બની રહેશે.

વિશ્વભરમાં ગુજરાતની આગવી ઓળખ બની રહેલી ગુજરાત સરકારની ફ્લેગશીપ ઈવેન્ટ એવી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૧૯ની નવમી શૃંખલાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. આગાઉ વર્ષ ૨૦૧૭ માં યોજાયેલ વાયબ્રન્ટ સમિટને વૈશ્વિક સ્તરે ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો હતો ત્યારે આ વર્ષે યોજાનાર સમિટ સૌ કોઈની નજર મંડાયેલી છે કે, સમિટમાં કયા દેશોના પ્રતિનિધિઓ, ઉધોગ સાહસિકો અને દેશના વડાઓ સહભાગી બનશે. વાયબ્રન્ટ સમિટની આ આવૃત્તિમાં કેટલીક નવી ઈવેન્ટ્સ ઉમેરવામાં આવી છે જેના લીધે આ સમિટ અગાઉની સમિટ કરતા વિશિષ્ટ બની રહેશે.

ડેનમાર્ક, ચેક રિપબ્લિક, ઉઝબેકિસ્તાન, માલ્ટા અને રંવાડા સહિતના ૫ દેશોના વડાઓ વૈશ્વિક સમિટમાં ભાગ લેશે તેમજ ૧૮ જાન્યુઆરીના રોજ વડાપ્રધાનશ્રી સાથે ડીનર પણ યોજવામાં આવશે. સમિટની નવમી આવૃત્તિમાં ૧૫ દેશો ભાગીદાર દેશ તરીકે સહભાગી બનશે. જેમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, ચેક રિપબ્લિક, ડેનમાર્ક, ફ્રાન્સ, જાપાન, મોરક્કો, નોર્વે, પોલેન્ડ, સાઉથ આફ્રિકા, રીપબ્લિક ઑફ કોરિયા, થાઈલેન્ડ, નેધરલેન્ડ્સ, યુએઈ અને ઉઝબેકિસ્તાનનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત ૧૧ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પણ સહભાગી બનશે જેમાં ધી ઓસ્ટ્રેલિયા ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ, કેનેડા ઈન્ડિયા ફેડરેશન, કોમનવેલ્થ એન્ટરપ્રાઈઝ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ કાઉન્સિલ, ઈન્ડો-ચાઈના ચેમ્બર ઑફ કોમર્સ, ઈન્ટરનેશનલ ફાયનાન્સ કોર્પોરેશન, જાપાન એક્સટર્નલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન, કોરિયા ટ્રેડ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન એજન્સી, ધી નેધરલેન્ડ્સ ઈન્ડિયા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ટ્રેડ, યુએઈ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ, યુએસ-ઈન્ડિયા બિઝનેસ કાઉન્સિલ અને યુ.એસ-ઈન્ડિયા સ્ટ્રેટેજિક પાર્ટનરશીપ ફોરમ જેવી સંસ્થાઓ વાયબ્રન્ટ ગુજરાત સમિટમાં ભાગીદાર બનશે.

ભારતના રાજ્યો ઉપરાંત અન્ય કન્ટ્રી સેમિનાર યોજાશે જેમાં ૨૨ દેશોનું પ્રતિનિધિત્વ હશે. સમિટમાં યોજાનારા કન્ટ્રી સેમિનારોમાં જર્મની, કેનેડા, જાપાન, ડેનમાર્ક, નેધરલેન્ડ, સાઉથ કોરિયા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોનું પ્રતિનિધિત્વ હશે તેઓ તેમના સામર્થ્ય અને રસના ક્ષેત્રો રજૂ કરશે. આ સમિટમાં વિવિધ દેશોના સેમિનારમાં ભારતીય પ્રતિનિધિઓને વિદેશી સહયોગીઓ સાથે સંવાદ કરવા માટેની શ્રેષ્ઠ તક સાંપડશે, સાથેસાથે વિચારોનું આદાન-પ્રદાન પણ થશે. ઉપરાંત ઔદ્યોગિક વિકાસ, વેપાર અને ટેકનોલોજીની આપ-લેની ઉત્તમ તકો રજૂ કરાશે. જાપાનીઝ, જર્મન, અમેરિકન સહિત અન્ય યુરોપિયન કંપનીઓએ ભારતીય કંપનીઓ સાથે મેન્યુફેકચરિંગ ટેક્નોલોજી ક્ષેત્રમાં સાથે મળીને કાર્ય કરવામાં વિશેષ રસ દાખવ્યો છે.

સમિટની દરેક આવૃત્તિ અગાઉની સમિટની તુલનામાં વિશાળ અને ફળદાયી સાબિત થતી રહી છે. આંકડાકીય દ્રષ્ટિએ હંમેશાં દરેક પરિમાણો જેવા કે, સહભાગીઓ, એમઓયુની સંખ્યા, રોકાણ તેમજ ભાગીદાર દેશોમાં સતત વધારો થતો રહ્યો છે. બંદરો, એરપોર્ટ અને માર્ગો દ્વારા વિશ્વનાં ૧૦૦ થી વધુ દેશો સાથે તથા સ્થાનિક વ્યાપાર કેન્દ્રો સાથે સીધા વ્યાપાર અને નિકાસ માટેની આંતરમાળખાકીય સુવિધા ગુજરાત રાજ્યમાં ઉપલબ્ધ છે. જેના પરિણામે ગુજરાત રાજ્ય રોકાણકારોનું રોકાણ માટેનું માનીતું સ્થળ બની રહ્યું છે. મુખ્ય સચિવશ્રી સિંહે વાયબ્રન્ટ ગુજરાત સમિટ ૨૦૧૯ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના ‘શેપીંગ અ ન્યુ ઈન્ડિયા’ના સ્વપ્નને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભાગ ભજવી રહ્યું છે એમ પણ ઉમેર્યું હતું.

વાયબ્રન્ટ સમિટ દરમિયાન

# વિદેશથી આવતા મહાનુભાવોને એરપોર્ટ ખાતે જ વાયબ્રન્ટ ગુજરાતીની ઝાંખી મળશે

## એરપોર્ટ બ્યુટીફિકેશન, વિદેશી મુલાકાતીઓની સરભરા અને ગુજરાતી લોક જીવનની ઝાંખી માટે ખાસ વ્યવસ્થ કરાશે

માહિતિ બ્યુરો, ગાંધીનગર, તા.૧૧

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ કાર્યક્રમ માટે દેશ વિદેશથી મુલાકાત લેનાર મુલાકાતીઓને એરપોર્ટ ઉપર કોઈપણ પ્રકારની મુશ્કેલી ન સર્જાય તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા એરપોર્ટ બ્યુટીફીકેશનની કામગીરી કરવાનું નક્કી કરવામાં આવ્યું છે.આ ઈવેન્ટ દરમિયાન દેશ-વિદેશથી મહાનુભાવો તેમજ મલ્ટીનેશન કંપનીનાં સી.ઈ.ઓ. આવનાર હોઇ, અમદાવાદ એરપોર્ટ ખાતે તેઓને ગુજરાતની ઝાંખી, રાજ્યનાં ઉદ્યોગ અને રોકાણ ક્ષેત્રમાં થયેલ નોંધપાત્ર વિકાસ અને વિવિધ ક્ષેત્રોમાં રહેલ રોકાણની વિપુલ તકોથી પરિચિત કરવા જેવા મુદાઓને સાંકળી લઇ એરપોર્ટ બ્યુટીફીકેશન કરવામાં આવશે.

એરપોર્ટ બ્યુટીફીકેશનની કામગીરી અંતર્ગત સમિટ દરમિયાન ટર્મીનલ ૧ અને ૨ના આગમન અને પ્રસ્થાન ઉપર સુવિધાઓથી સજ્જ વાયબ્રન્ટ ગુજરાત માટેની સ્પેશીયલ લોન્જ બનાવવામાં આવશે. તેમજ મહાનુભાવોને બેઠક વ્યવસ્થા અને ગંતવ્ય સ્થળે પહોંચવા લાયઝનીગ ઓફીસર રાખવામાં આવેલ છે. સેરેમોનીયલ લોન્જની બાજુમાં કાર્યક્રમ માટે પધારનાર સ્ટેટ ઓફ હેડને ગાર્ડ ઓફ હોનર પણ આપવાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.કાર્યક્રમ દરમિયાન એરપોર્ટની અલગ-અલગ જગ્યાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ૧૫૦મી મહાત્મા ગાંધી જયંતીની ઉજવણી અને સ્વચ્છ ભારત અંગે થીમ પેવેલીયન બનાવવાનું આયોજન કરાયુ છે. એરપોર્ટને સુશોભીત કરવા માટે વિવિધ જગ્યાઓએ પ્લાન્ટેશન, લાઈટીંગ, મેક ઈન ઈન્ડિયાનું થ્રીડી સ્કલ્પચર, ફ્લાવર ડેકોરેશન વગેરે કામગીરી હાથ ધરાશે. સમિટમાં આવનારા મુલાકાતીઓને વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૧૯ની સંપૂર્ણ માહિતી મળી રહે તેમજ ગુજરાત રાજ્યનાં શરૂ થયેલ અને શરૂ કરવામાં આવનાર (ઈનીશીએટીવ્સ) પ્રોજેક્ટસની માહિતી મળી રહે તે માટે અલગ-અલગ જગ્યાએ એલ.ઈ.ડી સ્ક્રીન તેમજ ડીજીટલ કીયોસ્ક મુકવામાં આવશે.

આ ઉપરાંત વાયબ્રન્ટ ગુજરાત-૨૦૧૯નું એરપોર્ટ ખાતે અલગ-અલગ જગ્યાએ બ્રાન્ડીગ કરવામાં આવશે. જેવી કે, વુડન સ્ટેન્ડી, બોક્સ બ્રાન્ડીગ, સુશોભન માટેના રંગબેરંગી ધ્વજ, હોડ’ગ્સ, વાયબ્રન્ટ ગુજરાત અંગેની માહિતીવાળી સ્ટેન્ડી, વોલ પેપર બ્રાન્ડીગ, અલગ-અલગ જગ્યાએ હેલ્પડેસ્ક અને મોબાઈલ ચાર્જર યુનિટ, એડમીન લોન્જની વ્યવસ્થા કરવામાં આવશે. સમગ્ર એરપોર્ટની અલગ-અલગ જગ્યાએ ડેકોરેટીવ લાઈટીંગથી સુશોભીત કરવામાં આવશે. આ કાર્યક્રમ દરમિયાન દેશ-વિદેશથી આવતા મહાનુભાવોને એરપોર્ટ ઉપર કોઈપણ પ્રકારની મુશ્કેલી ન સર્જાય તે માટે સ્પેશિયલ કસ્ટમ અને ઈમિગ્રેશનની ડેડીકેટેડ કાઉન્ટર્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઉપરાંત એરપોર્ટ પર અલગ અલગ જગ્યાએ સ્થળ દર્શાવતા સાઈનેઝિશ મૂકવામાં આવશે. તેમજ પાર્કિંગની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

એરપોર્ટ ખાતે મહાનુભાવોના સ્વાગત માટે ગુજરાતની સાંસ્કૃતિક પરંપરા મુજબ સ્વાગત કરાશે. કાર્યક્રમ દરમિયાન ગુજરાત રાજ્યના વિવિધ ક્લ્ચરલ ગ્રુપ દ્વારા સ્ટેજ શો કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન સલામતી અને સુરક્ષા જળવાઇ રહે તે માટે રાજ્યની પોલીસ દ્વારા યોગ્ય ટ્રાફિક મેનેજમેન્ટ, બેરિકેટિંગ અને પેટ્રોલિંગ તેમજ પોલીસ બંદોબસ્તની વ્યવસ્થા થશે. આકસ્મીક સંજોગોને પહોંચી વળવા એરપોર્ટ ખાતે તાત્કાલિક સારવાર હેતુ મેડિકલ સુવિધા, ફાયર ફાયટનિંગની વ્યવસ્થા અને ઈમરજન્સી રેસ્કયૂ અને ઈવેક્યુશન પ્લાન પણ બનાવવામાં આવ્યો છે.

સીએમનો સંદેશ

# આકાશ પક્ષીઓના લોહીથી રંગાય નહીં એ પણ ધ્યાન રાખવુ

## વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર અમદાવાદ દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું

માહિતિ બ્યુરો અમદાવાદ

ઉત્તરાયણનું પર્વ આવે એટલે એક તરફ પતંગ રસિયાઓ, વેપારીઓ પોતાની મોજ માટે ધાર દાર દોરીઓ અને અવનવા પતંગો તુક્કલોની ખરીદ વેચાણમાં વ્યસ્ત થઇ જાય. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી કેટલાક જીવદયા પ્રેમીઓ પણ આ ઉત્તરાયણના પર્વે ખૂબ જ વ્યસ્ત થઇ ગયા છે.

ઉત્તરાયણ પર્વે પક્ષી પ્રેમીઓ, જીવદયાના સમર્થનન માટેની ઝૂંબેશ કરનારાઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે.પતંગ દોરીથી પક્ષીઓ ઘાયલ ના થાય તેમજ એમને યોગ્ય સારવાર મળી રહે એ માટે વન વિભાગ પણ લોકોને જાગૃત કરવા પ્રયત્નો કરે છે. આ વર્ષે વાઈલ્ડ લાઈફ કેર સેન્ટર અમદાવાદ દ્વારા એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વન વિભાગે યોજેલા કરુણા અભિયાન નામના કાર્યક્રમમાં ખુદ રાજ્યના મુખ્યપ્રધાન વિજય રુપાણીએ હાજરી આપી.

૧૧ જાન્યુઆરી, શુક્રવારની સવારે યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્ય પ્રધાને ઉપસ્થિત રહી વાઈલ્ડ લાઈફ કેર સેન્ટરમાં આવતા ઘવાયેલા પક્ષીઓ, એમની સારવાર, ઓપરેશન રુમ્સની મુલાકાત લીધી.વન વિભાગના આ કેમ્પસમાં વૃક્ષા રોપણ પણ થયું. ત્યાર બાદ મુખ્ય પ્રધાન વિજય રુપાણીએ જણાવ્યું કે, ઉત્તરાયણ પર્વને પર્વનો આપણે આનંદ માણીએ પરંતુ સાથે પતંગ-દોરીથી રંગાયેલું આ આકાશ પક્ષીઓના લોહીથી રંગાય નહીં એ પણ ધ્યાન રાખવું જોઈએ. ચાઈનીઝ બનાવટની દોરીઓ, સળગતી તુકક્લો, ઈજા થાય એવા ફટાકડાથી લોકોએ દુર રહેવું જોઈએ.

ઉત્તરાયણના ઉત્સવની સાથે જ ઘવાયેલા પક્ષીઓને યોગ્ય સેન્ટરમાં સારવાર મળી રહે તો જ આપણી કરુણા સાર્થક થઇ કહેવાય.કરુણા અભિયાનના આ કાર્યક્રમમાં મુખ્યપ્રધાન વિજય રુપાણીની સાથે વન ખાતાના ઉચ્ચ અધિકારીઓ, કર્મચારીઓ, મેયર બિજલબેન તેમજ પશુ-પક્ષીઓ પ્રત્યે સંવેદના ધરાવતા સ્વયં સેવકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# ગુજરાતમાં કરોડોનો છે પતંગ ઉદ્યોગ

## ગુજરાતમાં રોજગાર આપવાના મામલે પતંગ એક મોટું માધ્યમ

એજન્સી દ્વારા અમદાવાદ



ગુજરાતમાં સદીઓ જૂની પરંપરા છે કે ઉતરાયણના દિવસે આકાશમાં પતંગ ચગાવવામાં આવે છે. જોકે ભલે એક દિવસનો તહેવાર હોય પરંતુ તેનાથી હજારો લોકોને આખુ વર્ષ રોજગાર મળે છે અને આજે ગુજરાતનો પતંગ ઉદ્યોગ વાર્ષિક ૧૨૦૦ થી ૧૫૦૦ કરોડ રૂપિયાનો થઇ ગયો છે. મોટી-મોટી કંપનીઓ દ્વારા પણ પતંગનું માર્કેટિંગ કરાય છે ગુજરાતમાં રોજગાર આપવાના મામલે પતંગ એક મોટું માધ્યમ બની ગયો છે. સવારથી માંડીને મોડી રાત સુધી ગીત સંગીત સાથે ઉતરાયણનો પર્વ પતંગ સાથે ઉજવવામાં આવે છે.વર્ષો જૂની પરંપરા છે અને આજે તો સ્થિતિ એવી છે કે મારૂતિ, અલ્ટ્રાટેક સીમેંટ, કોમંડલ, સાંધી સીમેંટ જેવી કંપનીઓ પતંગને માધ્યમ બનાવીને માર્કેટિંગ દ્વારા ગ્રાહકોને પોતાની સાથે જોડી રહ્યા છે. આ કંપનીઓને હજારોની સંખ્યામાં પોતાના લોગોવાળી પતંગ બજારમાં ઉતારી છે.

સાંઘી ઈંડસ્ટ્રીઝના વાઈઝ પ્રેસિડેંટ શૈલેશ ઝાએ જણાવ્યું હતું કે ’જ્યારથી અમારી કંપની શરૂ થઈ છે ત્યારથી અમે પતંગ દ્વારા માર્કેટિંગ કરી રહ્યા છે અને આ વખતે ડિજિટલ કોન્ટેસ્ટ દ્વારા પતંગ આપવામાં આવી રહ્યા છે. દરેક નાની મોટી કંપનીઓ પોતાના ગ્રાહકોને જાળવી રાખવા માટે અને નવા ગ્રાહકોને જોડવા માટે પોતાના લોગોવાળી પતંગ ફ્રીમાં આપે છે અને તેના લીધે ફક્ત એક દિવસના તહેવાર માટે ૧૦ મહિના સુધી પતંગ બનાવવાનું કામ ચાલે છે.પતંગ બનાવવાનો બિઝનેસ સંપૂર્ણપણે ઉદ્યોગ પર આધારિત છે.

એકલા અમદાવાદમાં ૩૫૦૦૦ મુસ્લિમ પરિવાર આખુ વર્ષ પતંગ બનાવીને કમાણી કરે છે. આજે ગુજરાતનો વાર્ષિક પતંગનો બિઝનેસ ૧૨૦૦ થી ૧૫૦૦ કરોડને પાર કરી ગયો છે. બિઝનેસ રોજગારની સાથે સામાજિક સમરસતાનું પ્રતિક પણ બની ગયો છે પતંગનો તહેવાર. નરેંદ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી આજ સુધી મકરસંક્રાંતિના ૧૦ દિવસ પહેલાં ’ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટિવલ’ શરૂ થઈ જાય છે. આ વખતે ૪૫ દેશોના પતંગબાજ આવ્યા છે, જે અમદાવાદ સહિત રાજયના ઘણા શહેરોમાં કાઈટ ફેસ્ટિવલમાં જાય છે. પતંગ ગુજરાતની ઓળખ બની ગયો છે અને રોજગારનું ઉત્તમ માધ્યમ પણ છે. આ વખતે મોદી, રાહુલ ગાંધી, સ્ટેચ્યૂ ઓફ યૂનિટીના ફોટો સાથે પણ પતંગ બનાવામાં આવી રહ્યા છે. પતંગ બનાવનાર મંસૂરભાઈએ જણાવ્યું હતું કે ગત ૪૫ વર્ષોથી પતંગ બનાવી રહ્યો છું. એકલા અમદાવાદમાં ૩૫૦૦૦ મુસ્લિમ પરિવાર આખુ વર્ષ પતંગ બનાવે છે. દર વર્ષે ગુજરાતનો પતંગનો બિઝને ૧૫% થી ૨૦%ના દરે વધે છે. અત્યારે અમદાવાદમાં ૩૫૦૦૦ અને આખા ગુજરાતમાં લગભગ એક લાખ લોકોથી વધુ પરિવાર પતંગના બિઝનેસથી પોતાનું ઘર ચલાવે છે.

# વાઈબ્રન્ટ સમિટ માટે પીએમ બે દિવસ ગુજરાતમાં, અ’વાદ શોપિંગ ફેસ્ટિ.માં ખરીદી કરશે

## ૧૮ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં પીએમ મોદી ખાસ ઉપસ્થિત રહેશે

એજન્સી દ્વારા નવીદિલ્હી

૧૮ જાન્યુઆરીથી શરૂ થઈ રહેલી વાઈબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટમાં પીએમ મોદી ખાસ ઉપસ્થિત રહેશે. જેને પગલે પીએમ બે દિવસ દરમિયાન વાઈબ્રન્ટ સમિટ સહિતના વિવિધ કાર્યક્રમોમાં ભાગ લેવા ૧૭ જાન્યુઆરીએ ગુજરાત આવશે. તેમજ શોપિંગ ફેસ્ટિવલમાં ખરીદી કરવા પણ જશે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝન પ્રોજેક્ટ એવા મેટ્રો ટ્રેનનું ટ્રાયલ રન વાઈબ્રન્ટ દરમિયાન થઈ શકશે નહીં તેવી સ્પષ્ટતા રાજયના મુખ્ય સચિવ જે.એન.સિંઘે કરી હતી.રાજયના મુખ્ય સચિવ જે.એન. સિંઘે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ અંગેની પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકારે પાકિસ્તાનને આમંત્રણ આપ્યું નથી. પરંતુ આ સમિટ દરમિયાન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સે ઈન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સની બેઠક બોલાવી છે તેમાં પાકિસ્તાનના ઉદ્યોગોનું પ્રતિનિધિમંડળ હાજરી આપી શકે છે.



### ૧૭થી ૧૮ જાન્યુઆરી સુધીનો પીએમનો કાર્યક્રમ

★ ૧૭ જાન્યુઆરીએ બપોરે અઢી વાગ્યે વાઈબ્રન્ટ ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરશે.

★ સાંજે ચાર વાગ્યે વી.એસ. હોસ્પિટલનું ઉદ્ઘાટન કરવા જશે, જ્યાં કેટલાક લોકો સાથે બેઠક કરશે.

★ સાંજે છ વાગ્યે રિવરફ્રન્ટ ખાતે યોજાનારા અમદાવાદ શોપિંગ ફેસ્ટિવલમાં જઈ ખરીદી કરશે.

★ ૧૮મીએ સવારે ૧૦ વાગ્યે વાઈબ્રન્ટ સમિટનું ઉદ્ઘાટન કરશે.

★ મહાત્મા મંદિર ખાતે યોજાનારી આંતરરાષ્ટ્રીય મૂડી રોકાણકારોની ગોળમેજી પરિષદમાં હાજરી આપી મૂડી રોકાણકારો અને વિદેશી મહેમાનો સાથે વન ટુ વન મીટિંગ કરશે.

★ પીએમ ચોક્કસ મહેમાનો સાથે ગાલા ડિનર મહાત્મા મંદિરના ટેરેસ પર કરશે.

# અમદાવાદમાં ફૂડ ડિલવરી કંપની પર પ્રતિબંધ રેસ્ટોરન્ટ માલિકો સાથે વિવાદ વધ્યો

## હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશનના પ્રતિનિધિઓની ગ્રાન્ડ ભગવતી હોટેલમાં ૫૦૦થી વધુ રેસ્ટોરન્ટ્સ, હોટેલ માલિકો-સંચાલકોની બેઠક મળી હતી

એજન્સી દ્વારા અમદાવાદ

રેસ્ટોરન્ટ અને ઓનલાઇન ફૂડ ડિલવરી કંપની વચ્ચે વિવાધ હવે વધી ગયો છે. કમિશન સહિત વિવિધ પ્રશ્નોને લઈ શહેરના હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ્સ એસોસિયેશન દ્વારા ઓનલાઈન ફૂડ ડિલવરી કંપની સ્વિગિ પાસેથી ઓર્ડર લેવાનું બંધ કર્યું છે. જ્યારે ઉબેર ઈટ્સ અને ઝોમેટો સહિતની બીજી ઓનલાઈન ફૂડ ડિલવરી કંપની સાથે હાલ વાતચીત ચાલી રહી છે.

ગુરુવારની સાંજે હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસિયેશનના પ્રતિનિધિઓની ગ્રાન્ડ ભગવતી હોટેલમાં ૫૦૦થી વધુ રેસ્ટોરન્ટ્સ, હોટેલ માલિકો-સંચાલકોની બેઠક મળી હતી. આ બેઠકમાં તમામ લોકોએ ઓનલાઇન ફૂડ કંપનીની દાદાગીરી સામે નહીં ઝુકવાનો નિર્ધાર કર્યો હતો.

ઝોમેટો અને સ્વિગિના પ્રતિનિધિઓ સાથે યોજાયેલી બેઠકમાં સ્વિગિએ પોતાની શરતે જ કમિશન લેવાની વાત સ્પષ્ટ કરી છે. જ્યારે ઝોમેટોએ સમય માગ્યો છે. તેથી આ બેઠકમાં જ સ્વિગિના ઓર્ડર નહીં લેવાનો એકમતે નિર્ધાર થયો હતો. જો કોઇએ વર્ષના કરાર કર્યા હોય અને સ્વિગિ લીગલ પ્રક્રિયા કરે તો પણ એસોસિયેશન જે-તે હોટેલ, રેસ્ટોરન્ટ્સ માલિકના પડખે રહેશે તેવી જાહેરાત પણ કરાઈ હતી.આ બેઠકમાં ચર્ચા થઇ હતી કે એક સમયના હોટેલ કે રેસ્ટોરન્ટના ગ્રાહકો હવે ઓનલાઇન ફૂડ કંપનીના બની ગયા છે. તેથી ગ્રાહકોને પાછા હોટેલ કે રેસ્ટોરન્ટ સુધી લાવવા પણ મહેનત કરવી પડશે.

આ કંપનીઓ દ્વારા મોટા પાયે ડેટા એકત્રિત કરાઈ રહ્યા છે અને તે પણ તેઓ વેચી રહ્યા હોવાની ચર્ચા થઇ હતી.હાલ ૪૦ ટકા ફૂડ કોસ્ટ આવે છે અને તેના પર ભાડું, માણસોને પગાર, ગેસ ખર્ચ, ઈલેક્ટ્રિસિટી ખર્ચ કાઢતા હવે પથી ૧૦ ટકાનો ગાળો રહી ગયો છે. ૪૦ ટકા ફૂડ કોસ્ટ પર ૨૦ ટકા કમિશન અને તેમાં બીજા ખર્ચ ઉમેરો તો ધંધો જ રહ્યો નહીં.

# જયંતી ભાનુશાળી હત્યા કેસમાં મહિલા સહીત ચાર લોકોની ભૂમિકા હોવાનું ખુલ્યું

## સીટ દ્વારા ટુંકમાં મોટો ધટસ્ફોટ કરાય તેવી પ્રબળ સંભાવના

એજન્સી દ્વારા ,અમદાવાદ,તા.૧૧

અબડાસાના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના કદાવર નેતા જયંતી ભાનુશાળી હત્યા કેસમાં તપાસ કરી રહેલી સીટ દ્વારા એક મહિલા સહીત બે શાર્પ શૂટરો અને ભાઉ નામના શખ્સની સંડોવણી હોવા અંગેના પુરાવા એકઠા કરી લીધા હોવાની સાથે આ ચકચારી હત્યા કેસનો ટુંક સમયમાં ભેદ ઉકેલી નાંખવાની તૈયારી કરી લીધી હોવાનું આધારભુત સુત્રો તરફથી જાણવા મળ્યું છે.

આ અંગે મળતી માહીતી અનુસાર,જયંતી ભાનુશાળીની સયાજી નગરી એકસપ્રેસ ટ્રેનમાં હત્યા કરવામાં આવ્યા બાદ પાંચમા દિવસે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ કરી રહેલી ટીમ તેમના હત્યારાઓ સુધી પહોંચી ગઈ હોવાનું આધારભુત સુત્રો તરફથી જાણવા મળ્યું છે.હત્યારાઓ હત્યા કર્યા બાદ જે બેગ લઈને ભાગ્યા હતા એ બેગ સાથે તેઓ સીસીટીવી ફૂટેજમાં કેદ થઈ જતા તેમની ઓળખ શકય બની છે.આ હત્યા કેસને ઉકેલવા માટે ગુજરાત પોલીસ ઉપરાંત,રેલવે પોલીસ સહીત રાજ્ય સરકાર દ્વારા ખાસ સીટની રચના કરવામાં આવી હતી.મળતી વિગતો મુજબ,આ હત્યા કેસમાં બે શાર્પ શૂટરો ઉપરાંત એક મહિલા અને ભાઉ નામના શખ્સની સંડોવણી હોવાનુ તપાસમાં બહાર આવવા પામ્યું છે.આ તમામને પકડી લેવા વિવિધ દિશામાં ટીમોને રવાના કરવામાં આવી હતી.

આ હત્યા કેસમાં પોલીસ દ્વારા ભાજપના નેતા છબીલ પટેલ ઉપરાંત ભાનુશાળીની પૂર્વ મહિલા મિત્ર મનીષા ગૌસ્વામી ની સાથે એક પત્રકાર સહીત કુલ પાંચ લોકો સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો.ક્રાઈમ બ્રાંચ,એટીએસ અને સીટ દ્વારા આ કેસમાં એક પછી એક શંકાસ્પદ લોકોની પુછપરછ કરવામા આવી હતી.ઉપરાંત હત્યાના એક અઠવાડીયા પહેલાના તમામ સ્થળના સીસીટીવી ફૂટેજ પણ ટીમો દ્વારા મેળવીને તેનો ઉંડો અભ્યાસ કરવામાં આવ્યો હતો.

એક બહાર આવેલી મહત્વપૂર્ણ હકીકતમાં હત્યાના બે દિવસ પહેલા મનીષાનો મોબાઈલ સ્વીચઓફ થયેલો હતો.પોલીસ મનીષાને શોધવાના પ્રયાસોમાં છે.

જે સીસીટીવી ફૂટેજ મળ્યા છે તેમાં ભાનુશાળીની બેગ હોવાનુ માનીને બેગ લઈ જતા શાર્પશૂટર કેદ થઈ ગયો હોવાનું પણ તપાસમાં ખુલવા પામ્યું છે.

### હત્યારાઓ ફોન અને બેગ લઈ ગયા હતા તેનુ રહસ્ય ખુલશે

જયંતી ભાનુશાળીની હત્યા કર્યા બાદ હત્યારાઓ એક બેગ અને મોબાઈલ લઈ ગયા હતા.બેગ તો તેમની સામેની સીટ પરના પવનની હતી.પરંતુ મોબાઈલ લઈ જવામાં આવ્યો છે એમ સમજીને કે ભાનુશાળી આ ફોનમાં છુપી માહીતી રાખતા હતા.ભાનુશાળી એક થી વધુ ફોનનો ઉપયોગ કરતા હતા.તેથી આ ફોન લઈ જવા પાછળનું કારણ પણ તપાસમાં બહાર આવવા પામશે.

# ઉત્તારાયણના ઉત્સવની મોજ કરાવતી સામગ્રીથી બજાર છલકાયું

## ઉત્તરાયણની મોજ માટે પતંગ-દોરી, પીપૂડા, રંગબેરંગી ટોપીઓ, સિંહ-વાઘ જેવા જાનવરની સાથે બિહામણા, હાસ્ય ઉપજાવે એવા મુખોટા બજારમાં આવી ગયા

એજન્સી દ્વારા

અમદાવાદ

ગુજરાતની પ્રજા એટલે ઉત્સવ પ્રિય પ્રજા. એમાંય અમદાવાદ-સુરત-રાજકોટ-વડોદરા જેવા મોટા શહેર દરેક ઉત્સવ પોતાની રીતે અલગ જ અંદાજ માં ઉજવે છે. આ વર્ષે ઉત્તારાયણના પર્વ પૂર્વે સરકારના પતંગોત્સવનું વિધિવત ઉદ્ઘાટન થઇ ગયું.

હવે ૧૪મી તારીખે ગુજરાતની પ્રજાના ધાબા-છાપરા અને મેદાની પતંગોત્સવની તૈયારીઓ ઠેર ઠેર શરુ થઇ ગઇ છે. દરેક નાના મોટા શહેર ની ફૂટપાથ પર ડોઘલા દોરી અને થાંભલા સાથે દોરી ઘસતા, રંગતા કારીગરો મોટા પ્રમાણમાં જોવા મળી રહ્યાં છે.

અમદાવાદ જેવા શહેરમાં હવે દરેક વિસ્તારમાં પતંગ-દોરી વેચતા દુકાનોની સાથે મંડપ બાંધેલા જોવા મળે છે. આ વર્ષે ઉત્તરાયણની મોજ માટે પતંગ-દોરી, પીપૂડા, રંગબેરંગી ટોપીઓ, સિંહ-વાઘ જેવા જાનવરની સાથે બિહામણા, હાસ્ય ઉપજાવે એવા મુખોટા બજારમાં આવી ગયા છે.ઉત્તરાયણને ગણતરીના દિવસો જ બાકી છે.

હાલ બજારમાં ઓછી ચહલ પહલ છે, પણ ગણતરીના એક કે બે દિવસ પૂર્વે ભારે ઘસારો થશે એવી વેપારીઓમાં આશા છે.